Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૦ મું :: અંક ૧૧ મો

વીર સંવત ૨૪૭૦ ※ વિક્રમ સંવત ૨૦૦૦

ભાદ્રપદ

પ્રગટકર્તા—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા
ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

બહારગામ માટે બાર અંક ને ભેટના પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૦ મું
અંક ૧૧ મો.

ભાદ્રપદ

વીર સં. ૨૪૭૦
વિક્રમ સં. ૨૦૦૦

## अनुक्रमणिका

૧. શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન ... ... ( મુનિ શ્રી રુચકવિજયજી ) ૩૨૧
૨. કર્મ-પ્રાબલ્ય ... ... ... ( હરિલાલ ફીકાભાઇ મહેતા ) ૩૨૨
૩. દોહા ... ... ... ... ... ... ... ૩૨૨
૪. પ્રભુ મહાવીરનાં પુત્રોને ... ... ( અમરચંદ માવજી શાહ ) ૩૨૩
૫. ક્ષમાપના હો તો સચ્ચી હો ... ... ( રાજમલ ભંડારી ) ૩૨૩
૬. જડ-પુદ્ગલની સજ્ઝાય ... ... ( આ. શ્રી. વિજયોદયસૂરિ ) ૩૨૪
૭. શ્રી પ્રશ્નસિંધુ ૧૦ : ... ... ( આ. શ્રી વિજયપદ્મસૂરિ ) ૩૨૫
૮. વીરવિલાસ : ૧૯ ... ... ... ... ( મૌક્તિક ) ૩૩૦
૯. પ્રશ્નોત્તર ... ( પ્રશ્નકાર-જમનાદાસ મોહનલાલ બેલાણી-ફીઓલ ) ૩૩૫
૧૦. હું કોણ ? ... ... ... ... ... ( કુંવરજી ) ૩૩૯
૧૧. મનુષ્યે કોઇપણ પ્રકારનો ગર્વ ન કરવો... ... ( કુંવરજી ) ૩૪૦
૧૨. હવે શું ધાર્યું છે ? ... ... ... ... ( કુંવરજી ) ૩૪૦
૧૩. બાર ક્ષમાશ્રમણો : ૨ ... ( હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ) ૩૪૧
૧૪. કવિતાની દેશીઓમાં આવેલી વિકૃતિ ! ( બાલચંદ હીરાચંદ શાહ ) ૩૪૬
૧૫. વ્યવહાર કૌશલ્ય : ૧૫-૧૬ ... ... ... ... ( મૌક્તિક ) ૩૪૯
૧૬. મૂર્ખ મનને ઉપદેશ ... ... ( મુનિ શ્રી વિદ્યાનંદવિજયજી ) ૩૫૧
૧૭. જીવના ૫૮૪ ભેદ ... ... ... ... ( કુંવરજી ) ૩૫૨

શ્રી અજિતપ્રભસૂરિવિરચિત

### શ્રી શાંતિનાથચરિત્ર ( પદ્યબદ્ધ )

ઊંચા લેઝરપેપર ઉપર પ્રતાકારે આ ચરિત્ર ઘણું જ રસિક અને વ્યાખ્યાનમાં વાંચવા યોગ્ય છે. શ્રી શાંતિનાથજીના પૂર્વ ભવો અને અંતર્ગત આવતી પ્રાસંગિક કથાઓ બોધક ને રોચક છે. એકત્રીશ ફોર્મની આ પ્રતની કિંમત રૂા. પોણાત્રણ, પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૬૦ મું | ભાદ્રપદ | વીર સં. ૨૪૭૦
અંક ૧૧ મો | | વિ. સં. ૨૦૦૦

## શ્રી ચંદ્રપ્રભજિન સ્તવનમ્.

( તારક વારક મોહનો સ્વામિ! તું જયો—એ દેશી. )

ગુણ અનંતનું ભાજન છો જિન આઠમા, સ્પર્ધાએ નહિ કોઇ આવે વિશ્વમાં;
જ્ઞાનાદિક અનંત અનંત ગુણે ભર્યા, સહજ સ્વરૂપે લીન ન ગોચર કિમ કર્યા. ૧

આતમ અનુભવ જ્ઞાને ગોચર છો તમે, ચક્ષુગોચર નહિ કિમ કરી ભજીએ અમે?
સ્થિરતાએ કિમ કરીએ દેખ્યા વિણ રૂપને, રૂપ નિહાળી ઉલ્લસે મન તનુ વિકસે. ૨

રૂપાતીત પ્રભુ તુજ દર્શન જો મળે, આનંદ આનંદ હોય આતમ ઉજ્જ્વળ બને;
ધ્યાન ધરું તુજ ગુણ સ્મરણ સ્તુતિ કરું, નિજપદ લીન બને જીમ આતમ તિમ કરું. ૩

આશ્રવ-બંધ, બે જોર કરે છે સાહિબા, સંવર-નિર્જરા કિમ ટકે? એ આપદા;
એક સુનજર કરો જિન ચંદ્રપ્રભ તમે, આપો દર્શન નાથ! કૃપાસિંધુ તમે. ૪

સ્વામિ! સેવકભાવ બન્યો જીમ મુજ રહે, તિમ યાચું અરિહંત પ્રભુ તુજ આગળે;
જીવનપ્રાણ આધાર વિનંતિ જો સુણે, રુચક સદા નિજનાથ કૃપાદ્રષ્ટિ લહે. ૫

મુનિ શ્રી રુચકવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મ—પ્રાબલ્ય

કર્મ—ગ્રથિત આ લોકે, વિધિના લખ્યા લેખ ફળશે;
કોટિ ઉપાય કરો તોયે, પણ ટાળ્યા નાહે ટળશે. ૧
સાચ જૂઠ ને ન્યાય નીતિનો, વિવેક વિસરશે;
ભલા ભલા ભાવિના ફેરે, ફર્યા અને ફરશે. ૨
ધર્મ પાપમાં, પાપ પુન્યમાં, અવળું અટકળશે;
કર્મતણી આ ગહન ગતિમાં, ચતુર પણ ચળશે. ૩
ભાવિ ભાવના ભોગો, ભવમાં ટળે ન કો કાળે;
બ્રહ્મા સુર શેષાદિ સર્વે, પડ્યાં કર્મ—જાળે. ૪
તર્કવાદ કે શાસ્ત્રથકી, જપ તપ તીરથ અઘરે;
કળાય નહિ એ કર્મ ગતિ, બહુ વાસ કર્યે વગડે. ૫
ભણ્યા ગણ્યા આ ભૂલવણીમાં, ગોથાં બહુ ખાયે;
અનુભવી પ્રભુના ભક્ત વિના, એ ભેદ ન સમજાયે. ૬
અવનીમાં કોઈ અનુભવી, સંતો પૂણ્યવંત પામે;
જીવ જોડતાં એના સંગે, સંશય સહુ વામે. ૭
ભાવ પ્રમાણે ભક્તતણો, અંતરપટ ઊઘડશે;
અગમ નિગમ આતમ, પરમાતમતણી સમજ પડશે. ૮
જે જેનું તે તેને સોંપી, વિરક્ત વિચરીએ;
મમતા મૂકી આત્મ સ્વરૂપે, અક્ષરમાં ઠરીએ. ૯
પ્રભુ હૃદયમાં, હૃદય પ્રભુમાં, એકમેક કરીએ;
દાસ **હરિ** શ્રદ્ધાના નાવે, ભવ દરીએ તરીએ. ૧૦

**હરિલાલ ફીકાભાઈ મહેતા—પાલીતાણા**

दोहा

उत्तम नर नहीं बोलते, बिन अवसर बहु वार ।
अल्पमात्र भाषण करे, अवसर योग्य विचार ॥
आत्मशक्ति अद्‌भुत कही, सभी शास्त्र में जान ।
अनुभव बिन प्रगटे नहीं, अन्तर तास पिछान ॥
नारी निरखे मन हरे, स्पर्श किये बल जात ।
हरे वीर्य को भोग से, तज नारी संगात ॥
त्यागी जन तो कमल सम, रहते जग निर्लेप ।
भद्रानंद न विषय का, उनको लागे चेप ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રભુ મહાવીરનાં પુત્રોને

( રાગ : કવ્વાલી )

પ્રભુ મહાવીરનાં પુત્રો, અરે ! ગચ્છભેદે વીંખાયા !
પ્રભુનાં પ્રેમનાં સૂત્રો, અરે ! રાગ દ્વેષે રંગાયા. ૧
નહિં છે ભેદ તત્ત્વોમાં, કેવળ છે માન્યતા ભેદો;
મતાગ્રહમાં થઈ મશગૂલ, અરે ! કાં સંપને છેદો ? ૨
પ્રભુની પ્રેમ–સરિતાને, સુકાવો કાં દુરાગ્રહથી ?
વધારી વીરડા એમાં, વિતંડાવાદ ક્લેશોથી. ૩
પ્રભુની અપૂર્વ વાણીએ, મળ્યું જે જ્ઞાન તત્ત્વોનું;
થશે ઉદ્ધાર આત્માનો, થશે કલ્યાણ જીવોનું. ૪
મતભેદો વધારીને, નહિં કુસંપ–બી વાવો;
ઘટે છે બળ જૈનોનું, સમજીને પ્રેમમાં આવો. ૫
અહંભાવો હણાશે તો, સફળ સન્મિત્રતા વધશે;
પ્રભુનાં પ્રેમ શાસનમાં, બધા ભેદો પછી મટશે. ૬
અહા ! કેવું શ્રી જિનદર્શન, જગતમાં ના મળે જોટો;
નકામી નાની વાતોનો, કરો પ્રચાર ના ખોટો. ૭
પ્રભુનાં તત્ત્વની સુવાસ, પ્રસારો સકળ જીવોમાં;
અમરની એ જ આકાંક્ષા, મળો સૌ વીર ઝંડામાં. ૮

**અમરચંદ માવજી શાહ**

---

## क्षमापना हो तो सच्ची हो।

( कव्वाली )

खमाओ और खमो सच्चे, भूलाकर वैर भावों को।
यही अर्हन्नीति है, इसीपर गौर कर लेना ॥ १ ॥
अनादि काल से आतम, भटकता वैर भावों से।
यही कर्मों का बन्धन है, इसी को ही मीटा देना ॥ २ ॥
किया मुझ साथ में उसने, रहुं खामोश कैसे मैं।
चुकाउंगा मेरा बदला, अरे बदला बदल देना ॥ ३ ॥
करे उपकार पर उपकार, तो ताज्जुब नहीं इसमें।
बिना उपकार के करते, वही ताज्जुब समझ लेना ॥ ४ ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



करे अपराध अगर कोई, तो कारण जानना उसका ।
विना कारण नहीं तुम भी, कहीं अपराध कर लेना ॥ ५ ॥
विना कारण के कोई कार्य, होता है नहीं जगमें ।
हुवा कारण पैदा क्यों ?, विवेकी बन परख लेना ॥ ६ ॥
कीसी पर प्रेम जगता है, कीसी पर द्वेष होता क्यों ? ।
परम्परा है यही भव की, यही कारण समझ लेना ॥ ७ ॥
मीला है वीरका शासन, बनो फिर वीर ही जैसे ।
क्षमा को धार कर दिलमें, क्षमासे सर्व सह लेना ॥ ८ ॥
नहीं ऐसा कुटुम्ब देखा, जहां नहीं क्लेश होता हो ।
मगर कुछ दीर्घदर्शी बन, क्षमा का पाठ पढ़ लेना ॥ ९ ॥
क्षमा है वीर का भूषण, नहीं कायर क्षमा करते ।
विवेकी सुज्ञ बन कर के, सभी जन को क्षमा लेना ॥ १० ॥
संवत्सरी पर्व का महातम, कहाता श्रेष्ठ ही इससे ।
विनयवंत राज तुम हो कर, क्षमा लेना क्षमा देना ॥ ११ ॥

राजमल भंडारी–आगर ( मालवा )

## જડ-પુદ્ગલની સજ્ઝાય

( આવી રૂડી ભમતી મેં પહેલાં ન જાણી–એ દેશી )

આવી જૂઠી બાજી જગની પહેલાં ન જાણી.

પહેલાં ન જાણી રે પ્રભુજી ! પહેલાં ન જાણી, કાયાની માયામાં મેં તો વલોવ્યું પાણી. આવી. ૧
નશ્વર[1] વસ્તુ નિરંતર જાણી દુનિયા દોરાણી, પલટણભાવનો[2] પલટો થાતાં ચક્ષુ ખોલાણી. આવી. ૨
સત્યાસત્યનું શોધનકરવા બુદ્ધિ કરમાણી, જડ ચેતનને ઓળખવામાં થયો પામર પ્રાણી. આવી. ૩
સ્વસ્વભાવે રમણતામાં મતિ ગઇ મૂંઝાણી, દશાવિભાવમાં[3] રાચી રહેતાં જિંદગી ધોવાણી. આવી. ૪
જડના પૂજારી જગમાં જોવાતાં રહ્યા મોજે માણી, પુન્યની થેલી વટાવી ખાતાં થશે અંતે અતિહાણી. આ૦
સંજોગો અંતે વિયોગ થવાનાં મમતા ન મૂકાણી, સર્વ સંબંધો છોડી સીધાવું જ્યે આંખ મીંચાણી. આ૦ ૬
હું ને મારામાં મસ્ત બનીને થઇ બેઠા ફુલાણી, પાપવિપાકો આવી પડતાં કોણ્ રાજા રાણી ?. આ૦ ૭
જ્ઞાની જનોએ જ્ઞાનથી જાણી પોકારી વાણી, ક્ષણક્ષણુ પુદ્ગલભાવ પલટવા જડની એ એંધાણી.[4] આ૦ ૮
જડથી જન્મ મરણના જોરે જિંદગી જકડાણી, જડની જડતાં ઉખેડી તેની[5] વાણી વખણાણી. આ૦ ૯
જિનઆગમની સાચી વાણી આજે મેં ઉર આણી, વિવેકદીપક જાગૃત થાતાં તત્ત્વોને પીછાણી. આ૦ ૧૦
કર્મની કોઠી કાણી કરાણી પીવાણી જિનવાણી, ફાકી ફિકરની કું કે રૈં કાણી શ્રદ્ધા ઉલટ આણી. આ૦ ૧૧
નીતિધરમની ટેક રખાણી થઇશું પચ્ચખાણી, વિજયોદય જય ઘંટાનાદે કરશું અઘહાણી.[6] આ૦ ૧૨

આ. શ્રી વિજયોદયસૂરિ–અમદાવાદ

---

૧. નાશવંત, ૨. પદાર્થ, ૩. મોહમાયા, ૪. નિશાની, ૫. કેળવણી, ૬. પાપની હાનિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નસિંધુ

(૧૦)

રચયિતા:—આ. શ્રી વિજયપદ્મસૂરિ

( અનુસંધાન પૃષ્ઠ ૨૯૭ )

૧૪૯ પ્રશ્ન.—ધર્મમાં ધર્મીનો ઉપચાર કરાય, આ બાબતમાં દૃષ્ટાંત શું ?

ઉત્તર—નિર્મલ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ઉપયોગ વગેરે આત્માનાં ધર્મો પણ કહેવાય, ને તે જ ગુણો પણ કહેવાય. "ઉપયોગ રૂપ આત્મા છે, જ્ઞાનાદિ રૂપ આત્મા છે.' આ વાકયો ધર્મમાં ધર્મીનો ઉપચાર કરીને બોલાયા છે, તેથી ઔપચારિક દૃષ્ટિએ તે વ્યાજબી ગણાય. એ જ રીતે ગુણમાં ગુણી( આત્મા )નો ઉપચાર કરીને ઉપર જણાવ્યા પ્રમાણે બોલી શકાય.

૧૫૦ પ્રશ્ન—ધર્મીમાં ધર્મનો ઉપચાર કરાય, આ બાબતમાં દૃષ્ટાંત શું ?

ઉત્તર—જ્ઞાનાદિ ધર્મો કે ગુણો આત્માના હોવાથી આત્મા ધર્મી કે ગુણી કહેવાય. આવા ધર્મીમાં કે ગુણીમાં ધર્મનો કે ગુણનો ઉપચાર કરીને ધર્મીરૂપ ( ગુણીરૂપ ) ધર્મને કે ગુણને માનવો, તે ધર્મીમાં કે ગુણીમાં ધર્મનો કે ગુણનો ઉપચાર કર્યો કહેવાય. જેમ " **आत्मा ज्ञानादिरूपः** આત્મા જ્ઞાનાદિરૂપ છે." અહીં ધર્મીને ધર્મરૂપ માન્યો છે, તે ઔપચારિક દૃષ્ટિએ વ્યાજબી ગણાય. આ રીતે ગુણીમાં ગુણનો ઉપચાર કરવાનું દૃષ્ટાંત પણ સમજી લેવું.

૧૫૧. પ્રશ્ન—કારણમાં કાર્યનો ઉપચાર કરાય, અહીં દૃષ્ટાંત શું ?

ઉત્તર—સમ્યક્ત્વ એ શ્રદ્ધાનું કારણ છે, છતાં સમ્યક્ત્વ રૂપ કારણમાં શ્રદ્ધારૂપ કાર્યનો ઉપચાર કરી સમ્યક્ત્વને શ્રદ્ધા પણ કહી શકાય. એ પ્રમાણે જેમાંથી ઘટ બનવાનો છે તે માટીમાંથી ભવિષ્યમાં ઘટ થશે, આ અપેક્ષાએ દ્રવ્ય ઘટ કહેવાય, તેમાં ભાવ ઘટનો ઉપચાર કરીને માટીને પણ ઘટ કહી શકાય. વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ગુણોની અપેક્ષાએ માટી અને ઘટ બંને સરખા હોવાથી માટીમાં ઘટનો ઉપચાર થઇ શકે. જલ લાવવા વગેરે કાર્ય જેનાથી થઇ શકે તે કંબુગ્રીવાદિ આકારવાળો પદાર્થ ભાવ ઘટ કહેવાય. ખરી રીતે જ્ઞાન એ આત્મિક ગુણ છે અને તેનું કારણ આગમાદિ શાસ્ત્રો છે, છતાં કારણ( શાસ્ત્ર )માં કાર્ય( શાસ્ત્રીય જ્ઞાન )નો ઉપચાર કરીને શાસ્ત્રો પણ જ્ઞાન એટલે દ્રવ્યજ્ઞાન અથવા દ્રવ્યશ્રુત કહી શકાય. એમ ખાબોચિયાનું પાણી પગનો રોગ છે, ને ઘૃત( ઘી ) એ આયુષ્ય છે. આ દૃષ્ટાંતો પણ સમજવા. કહ્યું છે કે " **नड्वलोदकं पादरोगः आयुर्वै घृतमित्यादि** "

૧૫૨. પ્રશ્ન—કાર્યમાં કારણનો ઉપચાર કરાય, એમાં દૃષ્ટાંત શું ?

ઉત્તર—પટ(વસ્ત્ર )નું કારણ તંતુઓ ( સૂતરના તાંતણા ) છે એમ ભેદનયની અપેક્ષાએ કહી શકાય, પણ અભેદનયની અપેક્ષાએ બંને એક પણ છે. તેથી યોગ્ય પ્રસંગે કાર્ય( પટ )માં કારણ( તંતુઓ )નો ઉપચાર કરીને તંતુમય પટ હોવાથી પટ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તંતુ કહેવાય એટલે આ કાર્યકારણની ઔપચારિક દૃષ્ટિએ પટનો તંતુરૂપે વ્યવહાર કરી શકાય. એમ ભાવશ્રુત ને દ્રવ્યશ્રુતમાં તથા ભાવસાધુ ને દ્રવ્યસાધુમાં, ભાવરાજા, દ્રવ્યરાજા, ભાવતીર્થંકર, દ્રવ્યતીર્થંકર વગેરેમાં પણ સમજી લેવું.

૧૫૩. પ્રશ્ન—આધારમાં આધેયનો ઉપચાર કરવામાં દૃષ્ટાંત શું ?

ઉત્તર—રસ્તા ઉપર ચાલ્યો જતો માણસ દૂરથી પર્વતની ઉપર રહેલું ઘાસ બળતું જોઇને કહે છે કે-જુઓ પર્વત બળે છે. અહીં આધારમાં ( પર્વતમાં ) આધેય( ઘાસ )નો ઉપચાર કરીને કહેવાય કે પર્વત બળે છે, ઘટ ઝરે છે વગેરે. એ જ રીતે આધેયમાં આધારનો ઉપચાર કરવાનું પણ સમજી લેવું.

૧૫૪. પ્રશ્ન—અસદ્ભૂત ઉપચારનું સ્વરૂપ શું ?

ઉત્તર—ગુરુમહારાજના અભાવ કાળમાં એટલે જ્યારે પ્રતિક્રમણાદિ ક્રિયા કરીએ ત્યારે જો ગુરુમહારાજ હયાત ન હોય તો ચંદનકાદિમાં સૂરિમંત્રાદિક ભણીને શ્રી આચાર્ય મહારાજાદિનો આરોપ કરીને, તેને ગુરુમહારાજાદિ સ્વરૂપ માનીને તેની આગળ ક્રિયા કરાય છે. અહીં ચંદનકાદિમાં શ્રી આચાર્યાદિનો આરોપ કર્યો, તે તેવા પ્રકારનો આરોપ કરવારૂપ ઔપચારિક દૃષ્ટિએ અસદ્ભૂત ઉપચાર કહેવાય. ચંદનકાદિમાં પરમેષ્ઠીનો આકાર ન હોવાથી તે ઉપચાર અસદ્ભૂત કહેવાય.

૧૫૫. પ્રશ્ન—સદ્ભૂત ઉપચારનું સ્વરૂપ શું ?

ઉત્તર—શ્રી પરમાત્માની પ્રતિમામાં શ્રી પરમાત્માનો અથવા શ્રી ગૌતમાદિની મૂર્તિ પ્રતિકૃતિ( છબી ) આદિમાં મંત્રાદિથી શ્રી ગૌતમાદિ મહાપુરુષોનો આરોપ કરવો, તે સદ્ભૂત ઉપચાર કહેવાય.

૧૫૬. પ્રશ્ન—ક્ષાયિક સમ્યક્ત્વનું સ્વરૂપ શું ?

ઉત્તર—અનંતાનુબંધીની ચોકડી એટલે અનંતાનુબંધી ક્રોધ માન માયા લોભનો ક્ષય કર્યા બાદ ત્રણે પ્રકારના દર્શનમોહનીયનો એટલે મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય ને સમ્યક્ત્વ મોહનીયના ક્ષયથી જે નિર્મળ શ્રદ્ધાગુણ પ્રગટે તે ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય. આ સમ્યક્ત્વ નિર્દોષ છે ને અનુપમ છે. કહ્યું છે કે-**खीणे दंसणमोहे तिविहम्मि वि भवनियाणभूयम्मि ॥ निप्पच्चवायमउलं सम्मत्तं खाइयं होइ ॥ १ ॥** ઉપર જણાવ્યા મુજબ અનંતાનુબંધી ચોકડી વગેરે સાતે પ્રકૃતિનો ક્ષય કરવાથી પ્રકટ થયેલ આ ક્ષાયિક સમ્યક્ત્વ પોતાના સ્વરૂપની અપેક્ષાએ અપૌદ્ગલિક સમ્યક્ત્વ કહેવાય, તેમજ ભાવ સમ્યક્ત્વ કહેવાય. તે પ્રકટ થયા પછી કાયમ રહે છે માટે તે સાદિઅનંત કહેવાય છે.

૧૫૭. પ્રશ્ન—કેવા પ્રકારનો ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ તે જ ભવમાં મોક્ષે જરૂર જાય?

ઉત્તર—ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પહેલાં ને પછી પણ જેણે આગામી ભવનું આયુષ્ય બાંધ્યું ન હોય તેવો તે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ તે જ ભવમાં મોક્ષે જરૂર જાય. જેમ શ્રી ગૌતમસ્વામી આદિ અગિયારે ગણધરો ક્ષાયિક સમ્યક્ત્વ પામીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જ ભવમાં મોક્ષે ગયા. તેમણે ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પહેલાં પરભવનું આયુષ્ય બાંધ્યું ન હતું, ને ક્ષાયિક પામ્યા પછી પણ પરભવનું આયુષ્ય બાંધ્યું ન હતું તેથી તેઓ તે જ ભવમાં મોક્ષે ગયા. એ જ પ્રમાણે શ્રી ગૌતમસ્વામીજીથી પ્રતિબોધ પામેલ પંદર સો તાપસો પણ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ બનીને તે જ ભવમાં મોક્ષે ગયા. મોક્ષે ગયા પહેલાના સમયમાં ક્ષાયિક સમ્યક્ત્વ જરૂર હોવું જ જોઇએ. જેઓ વર્તમાન કાળે ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ હોય, તેઓ પણ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ બનીને જ મોક્ષે જાય.

૧૫૮. પ્રશ્ન—ક્ષાયિક સમ્યગ્દષ્ટિ બીજે ભવે મોક્ષે જાય કે નહિ ?

ઉત્તર—જેણે પરભવનુ આયુષ્ય બાંધ્યું છે તે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ બીજો ભવ મનુષ્યનો કરે, તો જ તે મોક્ષે જાય, પણ નિયમ એવો છે કે બદ્ધાયુષ્ક (જેણે આગામી ભવનું આયુષ્ય બાંધ્યું છે તે) ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ બીજે ભવે જો નરકમાં જાય તો પહેલી ત્રણ નરકમાંની કોઇ પણ નરકમાં જાય, ને દેવગતિમાં જાય તો વૈમાનિક દેવ જ થાય. મનુષ્ય ગતિમાં કે તિર્યંચ ગતિમાં જો જાય, તો અસંખ્યેય વર્ષના આયુષ્યવાળો જ મનુષ્ય કે તિર્યંચ થાય, પણ સંખ્યેય વર્ષના આયુષ્યવાળો મનુષ્ય કે તિર્યંચ તો ન જ થાય. જ્યાં સુધી સંખ્યાત વર્ષના આયુષ્યવાળો મનુષ્ય ન થાય ત્યાં સુધી તે ક્ષાયિક સમ્યગ્દષ્ટિ મોક્ષે જાય જ નહિ. આવો ભવ ન પામે તેથી તે બીજે ભવે મોક્ષે ન જાય.

૧૫૯. પ્રશ્ન—કેટલાએક ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવો ત્રીજે ભવે પણ મોક્ષે જાય, તે ત્રણ ભવો કયા કયા ?

ઉત્તર—૧ જે ભવમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ થયો તે મનુષ્યભવ, ૨ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પહેલાં જો નરકાયુષ્ય બાંધ્યું હોય તો નરકનો ભવ, અથવા વૈમાનિક દેવાયુષ્ય બાંધ્યું હોય તો દેવભવ. અહીં એટલું યાદ રાખવું કે દેવાયુષ્યનો બંધ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી પણ થઈ શકે, માટે કોઈ જીવ પહેલાં પણ બાંધે ને કોઇ જીવ પછી પણ બાંધે એમ સમજવું. ૩ છેલ્લો મનુષ્યભવ કરી મોક્ષે જાય. આ રીતે ત્રણ ભવ જાણવા.

૧૬૦. પ્રશ્ન—કેટલાએક ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવો ચાર ભવ કરીને મોક્ષે જાય, તે ચાર ભવો કયા કયા ?

ઉત્તર—૧ જે ભવમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ બન્યો તે મનુષ્યભવ. ૨ પહેલા ભવમાં અસંખ્યેય વર્ષાયુષ્યવાળા મનુષ્યનું કે તિર્યંચનું આયુષ્ય બાંધ્યું છે, તેથી યુગલિયાનો બીજો ભવ. ૩ યુગલિયા મરીને દેવગતિ જ પામે તેથી દેવભવ. ૪ છેલ્લો મનુષ્યભવ કરી મોક્ષે જાય. આ રીતે ચાર ભવ જાણવા. આ બાબતમાં અપવાદ એ છે કે-દુપ્પસહસૂરિ તથા કૃષ્ણ મહારાજના દષ્ટાંતે કોઈ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ પાંચ ભવો કરીને મોક્ષે જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬૧. પ્રશ્ન—કૃષ્ણ મહારાજ પાંચ ભવ કરી મોક્ષે જશે, તે પાંચ ભવો ક્યા ક્યા ?

ઉત્તર—૧ મનુષ્યભવ=વાસુદેવપણાનો ભવ કારણ કે ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા છે. ૨ ત્રીજી નરકનો ભવ. ૩ મનુષ્યભવ. ૪ બ્રહ્મદેવલોકનો દેવ. ૫ છેલ્લો મનુષ્યભવ એટલે આ ભરતક્ષેત્રમાં ગંગાદ્વારપુરના જિતશત્રુ રાજાના અમમ નામના પુત્ર થશે ને તે ભવમાં મોક્ષે જશે. આ રીતે પાંચ ભવ જાણવા. કહ્યું છે કે:—**नरयाउ नरभवम्मि, देवो होऊण पंचमे कप्पे । तत्तो चुओ समाणो, बारसमो तित्थयरो ॥१॥** વિશેષ બીના શ્રી કર્મપ્રકૃતિની શ્રી યશોવિજયજીકૃત ટીકા, ત્રિષષ્ઠિશલાકા ચરિત્ર, વસુદેવહિંડી વગેરે ગ્રંથોમાં જણાવી છે.

૧૬૨. પ્રશ્ન—શ્રી દુષ્પ્રસભ( દુપ્પસહ )સૂરિ પાંચ ભવ કરી મોક્ષે જશે, તેમના પાંચ ભવો ક્યા ક્યા ?

ઉત્તર—૧ મનુષ્યભવ—આ ભવમાં ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા. ૨ દેવભવ. ૩ મનુષ્યભવ–પાંચમા આરાને છેડે જન્મ પામી યોગ્ય અવસરે સંયમની સાધના કરતા આચાર્ય પદ પામશે. દુપ્પસહસૂરિ નામે ઓળખાશે. ૪ દેવભવ–સૌધર્મ દેવલોકમાં દેવપણું. ૫ છેલ્લો મનુષ્યભવ પામી મોક્ષે જશે. આ રીતે પાંચ ભવ જાણવા. વિશેષ બીના શ્રી કર્મપ્રકૃતિ ટીકાદિમાંથી જાણવી.

૧૬૩. પ્રશ્ન—શ્રવણસંમુખી કાળનું સ્વરૂપ શું ?

ઉત્તર—અવ્યવહારરાશિમાં ઘણાં કાળ સુધી વિવિધ દુઃખો સહન કરી જે જીવ અકામનિર્જરાદિ કારણોની મદદથી વ્યવહારરાશિમાં આવ્યો. અહીં જે જીવ બે પુદ્ગલપરાવર્ત્ત કાળની અંદર જરૂર મોક્ષે જવાનો તેવા જીવને જ્યારે વિવેક રહિત સ્વભાવે ધર્મ સાંભળવાની જે કાળે તે ચાહના થાય, તે શ્રવણસંમુખી કાળ કહેવાય.

૧૬૪. પ્રશ્ન—માર્ગસંમુખી કાળનું સ્વરૂપ શું ?

ઉત્તર—એક સો તેસઠમા પ્રશ્નોત્તરમાં જે બે પુદ્ગલપરાવર્ત્તની બીના જણાવી છે તેમાંથી ઘટતાં ઘટતાં જ્યારે દોઢ પુદ્ગલપરાવર્ત્ત કાળ જે જીવને મોક્ષે જવા માટે બાકી રહે ત્યારે તેની પરિણામધારા નિર્મળ બને. તે સમયે તે ધર્મના રસ્તે દોરનારા માર્ગાનુસારી ગુણો મેળવવાની ચાહના થાય. આ રીતે આ દોઢ પુદ્ગલપરાવર્ત્ત કાળ માર્ગસંમુખી કાળ કહેવાય.

૧૬૫. પ્રશ્ન—ધર્મયૌવન કાળનું સ્વરૂપ શું ?

ઉત્તર—અનુક્રમે અધ્યવસાયની ધારા નિર્મળ થતાં થતાં પૂર્વોક્ત દોઢ પુદ્ગલપરાવર્ત્ત કાળમાંથી ઘટાડો થતાં જ્યારે મોક્ષે જવાનો કાળ એક પુદ્ગલ પરાવર્ત્ત પ્રમાણ બાકી રહે ત્યારે અધર્મનો ત્યાગ કરી સત્ય ધર્મને પાળવાની તીવ્ર ઉત્કંઠા થાય, આ કાળનું નામ ધર્મયૌવન કાળ કહેવાય. અનુક્રમે આ ધર્મયૌવન કાળમાં રહેલો જીવ યથાપ્રવૃત્તિકરણથી કર્મોની લાંબી સ્થિતિને ઘટાડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬૬. પ્રશ્ન—કૃષ્ણ વાસુદેવનો જીવ હાલ ત્રીજી નરકે છે, ત્યાં તેનું આયુષ્ય કેટલું સમજવું ?

ઉત્તર—સાત સાગરોપમનું આયુષ્ય જાણવું. કૃષ્ણવાસુદેવનો જીવ તે સાત સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી મનુષ્ય ભવ પામશે.

૧૬૭. પ્રશ્ન—એકસો એકસઠમા પ્રશ્નોત્તરમાં કૃષ્ણ વાસુદેવના પાંચ ભવ જણાવ્યા. પણ બીજા ગ્રંથોમાં છ ભવો કહ્યા છે તે કઇ અપેક્ષાએ સમજવા ?

ઉત્તર—જે ભવમાં કૃષ્ણ-વાસુદેવપણામાં છે, તેની પહેલાંના ત્રણ ભવ અને પછીના બે ભવ ગણીને છ ભવો શ્રી ચંદ્રગચ્છના પૌર્ણિમા મતના કાઢનાર ચંદ્રપ્રભસૂરિના ધર્મઘોષસૂરિના શિષ્ય શ્રી સમુદ્રઘોષસૂરિના શિષ્ય શ્રી મુનિરત્નસૂરિએ વિ. સં. ૧૨૫૨ માં પત્તનનગરે કોશાધિપતિ ( ભંડારી ) મંત્રી યશોધવલના પુત્ર બાલકવિ મંત્રી જગદેવની પ્રાર્થનાથી બનાવેલા શ્રી અમમસ્વામી ચરિત્રમાં જણાવ્યા છે. અમમસ્વામી એ કૃષ્ણ વાસુદેવના છેલ્લા ભવનું નામ છે.

૧૬૮. પ્રશ્ન—એકસો સડસઠમા પ્રશ્નોત્તરમાં જણાવેલા કૃષ્ણવાસુદેવના છ ભવો કયા કયા ?

ઉત્તર—શ્રી અમમસ્વામી ચરિત્રમાં કહ્યું છે કે–બલભદ્રનો જીવ અને કૃષ્ણ વાસુદેવનો જીવ ૧ પહેલા ભવમાં અનુક્રમે ચંદ્ર અને સૂર નામના બંને કુલકપુત્ર ( કણબી ) ભાઇ હતા. ૨ બીજા ભવમાં અનુક્રમે તે બે રાજલલિત અને ગંગદત્ત નામના વણિક્ પુત્ર હતા. ૩ ત્રીજા ભવમાં તે બે અનુક્રમે રત્નાંગદ અને હેમાંગદ નામના દેવ હતા. ૪ ચોથા ભવમાં અનુક્રમે બલભદ્ર નામના બલદેવ અને કૃષ્ણ નામના વાસુદેવ થયા. ૫ પાંચમા ભવમાં તે બે જૂદી જૂદી ગતિમાં જાય છે એટલે બલભદ્રજી પાંચમા બ્રહ્મ દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયા ને કૃષ્ણ વાસુદેવ ગંગદત્તના ભવમાં કરેલા નિયાણાના પ્રતાપે વાસુદેવપણું ભોગવીને ત્રીજી વાલુકાપ્રભામાં સાત સાગરોપમ પ્રમાણ આયુષ્યવાળા નારકી થયા. ૬ *છઠ્ઠા ભવે રાજવંશમાં પુત્રપણે જન્મ પામી યોગ્ય ઉંમરે સંયમાદિની સાધના કરી બારમા શ્રી અમમ નામના તીર્થંકર થશે. આ શ્રી અમમસ્વામીજીના તીર્થમાં બલભદ્રજીનો જીવ પાંચમા બ્રહ્મ દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી આ ભરતક્ષેત્રમાં માનવ ભવ સંયમાદિને પામી મોક્ષે જશે. તે બીના આ ચાર શ્લોક ઉપરથી જણાય છે. ॥ अनुष्टुब्वृत्तम् ॥ भ्रातरौ प्रथमे जन्मन्यभूतां कुलपुत्रकौ ॥ द्वितीये राजललित-गंगदत्तवणिक्सुतौ ॥ ॥ ५१ ॥ तार्तीयीके सुरौ तुर्ये रामकृष्णो ( समु )द्वहौ ॥ पंचमे वालुकाजन्मा-कनीयानभवत्तयोः ॥ ५२ ॥ संपूर्णसप्तवर्द्धायुस्तदुद्वृत्तो नृपान्वये ॥ षष्ठे भविष्यति श्रीमानममो द्वादशो जिनः ॥ ५३ ॥ बह्मलोके सुरो भूत्वा, रामस्तीर्थेऽस्य सिद्धयति ॥ संक्षेपोऽयं चरित्रस्य, विस्तरस्त्वेष वर्ण्यते ॥ ५४ ॥ ( ચાલુ )

* આ માન્યતાથી કાળનો મેળ મળતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીરવિલાસ

(૧૯)[1]

**[2]વળી વાદે તે વૃષભ દોડાવિયા, કરી વાતોને લોક લડાવિયા જીહો.**
**નેક નજર કરો નાથ જી.**

આખા દિવસની આપણી કાર્યવાહી વિચારી જઇએ અને તેના પર પારાશીશી મૂકીએ તો જણાશે કે આખા વખતમાં આપણે નાહક અનેક પાપો કરીએ છીએ, ઢંગધડા વગરનું વર્તન કરીએ છીએ, વિના કારણ તણાઇ મરીએ છીએ અને મુદ્દા વગરની દોડાદોડમાં પડી જઇ આત્મધનને ગુમાવીએ છીએ. જો કે ધન મેળવવા કે કીર્તિ જાળવવા ખાતર પાપસેવન કરવાનું થાય તે પણ જરૂર અયોગ્ય, અનુચિત અને અઘટિત તો છે જ, પણ એમાં કાંઇક આશય તો જરૂર છે જ, એટલે એમાં ઉદ્દેશ, હેતું અને વિચારણાનો તથા લાભહાનિની તુલના અથવા દીર્ઘકાળ અલ્પકાળના લાભ નુકસાનનો, દૃષ્ટિના પૃથક્કરણ અને આવડત અક્કલ અને તુલનાશક્તિના ઉપયોગનો સવાલ જરૂર રહે, પણ જ્યારે કાંઇ આવકનો સવાલ ન હોય, આબરૂનો સવાલ ન હોય, સ્વજન કુટુંબના ભરણપોષણનો સવાલ ન હોય, ત્યારે માત્ર સ્વચ્છંદીપણે વિના કારણ વગર ઉદ્દેશે પાપસેવન ;કરવામાં આવે ત્યારે પાપસેવનનું આખું પ્રકરણ વિચારવા લાયક છે એમ જરૂર લાગી આવશે. આ હકીકત માટે તો દરેક પ્રાણી પોતાના આખા દિવસનો કાર્યક્રમ વિચારી જાય અને પોતે કેટલા વગરજરૂરી અને અર્થવગરના પાપો માત્ર બેદરકારીથી અજ્ઞાનપણે કરતો રહ્યો છે તેનો ખ્યાલ આવે.

પાંચ મિત્રો ભેગા થઇએ, સાંજે ફરવા જઈએ, દેરાસરને ઓટલે કે તળાવં કે નદીને કાંઠે કે બગીચામાં કુંચળું વળીને બેસીએ ત્યારે આપણે શી વાત કરીએ છીએ ? કોની વાત કરીએ છીએ ? કેવા શબ્દોમાં વાત કરીએ છીએ ? તેમાં જેની વાત કરતાં હોઈએ તેને સુધારવાનો ઉદ્દેશ હોય છે કે તેને ઉતારી પાડવાની ઇચ્છા હોય છે ? આ વાત કદી વિચારી છે ? વિચારી હોય તો તેની પાછળના આશયનું પૃથક્કરણ કર્યું છે ? કોઇ વ્યક્તિની ગેરહાજરીમાં એની વિરુદ્ધ વાત કરવી, એની સામે એકતરફી હુકમનામાં લગાવ્યે જવા અને એને બચાવ કે ખુલાસો કરવાની તક પણ ન આપવી–એની પાછળ કેટલી તુચ્છ મનોદશા હોય છે તે બહુ વિચારવા યોગ્ય છે. અને છતાં ' સાંભળ્યું કે ' એવા સવાલની પાછળ અનેક પ્રાણીઓને હલકા પાડવાની, બેસાડી દેવાની તુચ્છ મનોદશા હોય છે તે ખાસ વિચારવામાં લેવા યોગ્ય વાત છે. કેટલીક વાર એમાં તેજોદ્વેષ પણ હોય છે. જે વ્યક્તિ જેવા થવાની પોતાની લાયકાત કે આવડત ન હોય, જેની દાન–શક્તિ કે સંભાષણશક્તિ, જાહેર સેવા કે કાર્યપરતાને પોતે અનુકરણ કરી શકે તેમ પણ ન હોય, તેને તે તે કાર્યો કરવામાં અમુક આશય હશે, કાંઇ નહિ તો ખ્યાતિ મેળવવાની કે નામ કાઢવાની

---

૧ લેખ સ્વતંત્ર છે. સંખ્યા આ મથાળાની નીચે લખાતા લેખનો અંક સૂચવે છે.

૨ પં. વીરવિજયજીકૃત બાર વ્રતની પૂજા પૈકી આઠમા વ્રતને અંગે નવમી અક્ષત પૂજાની ચોથી ગાથાનું પૂર્વાર્ધ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને તમન્ના થઇ આવી હશે. આવા આવા આક્ષેપો મનમાંથી ઉપજાવી કાઢી બીજા પર લાદવા, તેને કદી પૂછવું પણ નહિ કે તે વાત સાચી છે કે નહિ–આ અનર્થદંડ છે, કારણ વગરનું પાપ છે, હેતુ વગરની પ્રવૃત્તિ છે. કોઇના સાચા દુર્ગુણની નિંદા કરવાનો પણ આપણો અધિકાર નથી, તો પછી પ્રત્યેક કાર્ય પાછળ અમુક વ્યક્તિનો શો આશય હશે તેની કલ્પના કરવી અને પછી તે વાતને આગળ લાવવી એમાં સજ્જનતા નથી, મુદ્દો નથી, ગૃહસ્થાઇ નથી.

અથવા ગામગપાટા મારવા, લડાઇની વાતો કરવી, પોતાને છાપા જેટલું પણ જ્ઞાન ન હોય, દેશપરદેશના સંબંધની આછીપાછી માહિતી પણ ન હોય, ઘણી વાર તો રૂમાનિયા શહેર છે, દેશ છે કે નદી છે એટલું પણ જ્ઞાન ન હોય, છતાં લડાઇ કેટલી ચાલશે, કેવી રીતે તેનો છેડો આવશે તેની વાતો કરવી, રાજકારણની ચર્ચા કરવી અને નકામી વાતોમાં કલાકો કાઢી નાખવા આ અનર્થદંડ છે. વ્યાપાર પૂરતા સમાચાર જાણવા કે પૂછવા એ એક વાત છે અને અર્થવગરની વાતો કરી વગર લાયકાતે આધારભૂત અભિપ્રાયો આપવા મંડી જવું એ અનર્થદંડ છે.

ગામડામાં ફરવા ગયા. ગાડામાં મુસાફરી કરવાની છે. પડખે બીજું ગાડું કે બે ચાર ગાડાં આવી ગયાં, પછી પોતે મોટા છે કે પોતાના બળદ સારા છે એમ દેખાડવા બળદને પરોણાં મારી ગાડું આગળ કરવું અને તેમ કરતાં મૂંગા બળદને કેટલો ત્રાસ થતો હશે તેની કલ્પના પણ ન કરવી એ અનર્થદંડ છે. ગામડાની જાનોમાં વેવાઇને ત્યાં પ્રથમ પહોંચી બશેર ગોળ બળદને મેળવી આપવાની લાલચે કે પોતાના અભિમાનને પોષવા આખે રસ્તે બળદને કેવા તગડવામાં આવે છે તે જોયું હોય તો આ અર્થવગરની કાર્યશ્રેણી તરફ ધૃણા આવે. આ અનર્થદંડ છે.

‘ ફોફી બહેન ! તમારાં કડાં સારાં છે!’ આવી આવી વાતો કરી પારકાં ઘરમાં કલેશો ઉપજાવવા, સાસુ–વહુના કજિયાની વાતો કરી બન્નેને એક બીજાની ગેરહાજરીમાં ઉશ્કેરી મૂકવા, દેરાણી–જેઠાણીને વાદ થાય તેવી વાતો વધારી વધારીને કરવી, દેરાસરના ચોકમાં કે દરવાજા આગળ પારકાં ઘરની પંચાતોમાં કલાક અરધો કલાક કાઢી નાખવો અને ખુદ પ્રભુ સામે ‘ લે દેવ ! ચોખા અને મેલ મારો છેડો !’ જેટલો વખત માત્ર કાઢવો અને છતાં માનવું કે–અમે દેરે જઇએ ત્યારે કલાકેક તો જરૂર થઇ જાય. આ સર્વ હેતુ વગરનાં પાપ છે, સંસારને વિકૃત કરનાર અનર્થો છે, આખો વિકાસ માર્ગ ડખોળી નાખનાર અધમતા છે.

અને આ દૃષ્ટિયે આખા દિવસનો કાર્યક્રમ વિચારી જાઓ. અનેક અર્થવગરના કામો, વાતો, વિચારો અને ગોટાળા દેખાઇ આવશે. શાક લેવા જતાં, શાખ ખરીદતાં કોની સાથે કેવી વાતો કરવામાં આવે છે, કે પાંચ બહેનો પાપડ વણે કે વડીઓ મૂકે ત્યારે કેવી કોની અને કેટલી વાતો કરે છે કે કોઇ સામો મળે ત્યાં ‘ કયાં ચાલ્યા ?’ એમ પૂછી તેને વગરમાગી કેટલી અર્થવગરની સલાહ આપવા લાગી જઇએ છીએ તેનો કયાશ અને સરવાળો કરવામાં આવે તો અનર્થદંડની પરંપરાની મોટી સંખ્યાનો સામાન્ય ખ્યાલ આવે ખરો.

આ પ્રમાણે જમણવાર કેવા કરવા જોઇએ, શેરેશેર ઘીના લાડવા કેમ થાય, ગામમાં

For Private And Personal Use Only

શાક ન મળતું હોય તો મુંબઇ સૂરતથી કેવી રીતે મંગાવવું; બાર આને શેરની પાપડી મંગાવી ખવરાવનારનો મહિમા ગાવો, ફલાણાએ નાત જમાડી તો ઘીના જ વાંધા હતા એવી વાતો કરવી, અમારા બાપદાદાએ નાત, જમણ, સંઘ કે વરા કર્યા ત્યારે કેવી રીતે ભાણે ભાણે પાણી પહોંચાડયું હતું અને બીજાએ નાત જમાડી ત્યારે કઇ કઇ વસ્તુઓ ખૂટી હતી એવી વાતો કરવી એ અનર્થદંડ છે, નિર્હેતુક પાપ છે, અધમ મનોદશા છે.

અમુક બાઇ ચાલે ત્યારે નખરાં કરે છે, કોઇની ચાલ ગધેડા જેવી છે, કોઇ છટકેલ છે, કોઇ બાઇને કોઇ પરણતું જ નથી. આવી આવી સ્ત્રી સંબંધી વાતો કરવી, વેવિશાળ વખતે જાણી જોઇને ખોટી વાતો કરવી, ગામમાં કેટલી કન્યા કુંવારી છે તેનો હિસાબ રાખવો, વગર માગ્યા સાચાખોટા અભિપ્રાયો આપવા, પારકી સ્ત્રીઓ ઉપર આળ ચઢાવવા આ સર્વ અનર્થદંડ છે.

આળસમાં વખત પસાર કરવો. ‘ કાજી દુબળે કયું કે સારા શહેરની ફિકર ’ એ દશાએ ગામની વાતો કરવી, અષ્ટંપષ્ટ સમજાવી પારકાને લાકડાં લડાવવાં, વિના કારણ પરને ઉતારી પાડવાં, સાચી જૂઠી કલ્પના કરી બીજાની નિંદા કરવી, આજે છાપામાં આવ્યું છે કે અમુક સરકાર આગળ વધી કે પાછી હઠી ગઇ, સરકાર લાકડાની તરવારે લડે છે એવી વાતો કરવી, સમાચાર જાણવા માટે રેડિયો પર કલાકો કાઢવા અને મનઘડંત વાત ઉઠાવી ઉઠાવીને ચલાવવી–આ સર્વ અનર્થદંડ છે, લાભ વગરના પાપ છે, વિનાકારણ ભારે કરનાર માનસિક શક્તિનો વ્યર્થ વ્યય છે.

‘ પાઇની પેદાશ નહિ અને ઘડીની નવરાશ નહિ ’–આવા માણસો ઘણા હોય છે, ગામડામાં એની પ્રચૂરતા હોય છે. દેરાસરે ન્હાવા કે પૂજા કરવા જાય તો બાર વાગે અને ગોઠી કે મ્હેતાને ત્રાસ આપે. તેવાનું બાર વાગ્યા સુધીનું કામ તપાસ્યું હોય તો એક પણ મુદ્દામ વાત નહિ, આવકનો ધંધો નહિ, અન્ય સુધારણા, ગ્રામ્યસુધારણા કે ગ્રામોદ્યોગનો પ્રસંગ નહિ; માત્ર ‘ અમે પણ છીએ ’ એમ બતાવવાની તુચ્છ મનોદશા, હલકી પટેલાઇ, ગામગપાટા અને નિરર્થક દોડાદોડ–આ સર્વ અનર્થદંડ છે, હલકો મનોવ્યાપાર છે, નીચ ગતિએ લઇ જનાર વ્યવહાર છે.

વાતો મનમાંથી નીપજાવી કાઢી એવી મક્કમ રીતે કરવી કે જાણે તે ખરેખર તે જ આકારમાં બની હોય એમ સાંભળનારને લાગે, છતાં વાતનું મૂળ કે પૂંછડું કાંઇ હોય જ નહિ. બે સગાંઓ, સ્નેહીઓ, મિત્રો કે સ્ત્રીપુરુષને કલેશ થાય તેવી વાતો એક બીજાની ગેરહાજરીમાં કરવી, પોતાની બનાવટી વાતને પરિણામે લોકો લડે ત્યારે દૂર બેઠા બેઠા તમાસો જોવો અને મનમાં પોતાની બુદ્ધિ પર હરખાવું–એ અનર્થદંડ છે, મલિન ચારિત્રના આવિર્ભાવ છે, હલકા માનસનું પ્રદર્શન છે.

કોઇનું માઠું ચિંતવવું, કોઇ નકામો મોટો થઇ ગયો છે તેને બેસાડી દેવાનો પ્રયત્ન કરવો, આખો દિવસ વ્યવસ્થા કે ઢંગધડા વગરના વિચાર કર્યા કરવા, પારકાનાં છાપરાનાં નળિયાં ગણ્યાં કરવા, બીજા માણસના શુભ કામ પાછળ બદ આશય હશે તેની મનઘડંત કલ્પના કરી તે વાત ચલાવવી, પોતાનાં ઇષ્ટ મનુષ્ય કે ચીજનો વિયોગ થાય તે વખતે ખોટી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિંતા કરવી, ન ઇચ્છવા યોગ્યનો સહકાર કે સહચાર થઇ જાય ત્યારે તે માટે પરિણામ વગરનો કકળાટ કરવો,–આ સર્વ અપધ્યાન છે, અનર્થદંડ છે, વગર નોતરેલી આફત છે.

જરા તાવ આવે ત્યાં ડાક્તર વૈદ્ય માટે દોડાદોડ કરી મૂકવી, આશા મૂકાઇ ગએલો કેસ હોય તો પણ ઠેઠ સુધી હિરણ્યગર્ભ અને ઇંજેક્શનો ચાલુ રાખવા, આખો વખત વગર સમજ્યે નવી નવી દવાઓ માત્રાઓ બનાવ્યા કરવી, વ્યાધિ આવી પડવાનો ભય રાખી જ્યારે ત્યારે નાડ જોયા કરવી અને બ્લડ પ્રેસર ( લોહીનું દબાણ ) મપાવ્યા કરવું. આ રોગચિંતા નામનું અપધ્યાન છે, ઉઘાડો અનર્થદંડ છે, પરિણામ વગરનો શક્તિવ્યય છે.

મારા પૈસા ચાલ્યા જશે તો મારું શું થશે? ઘડપણમાં મને મારા છોકરા પાળશે કે નહિ? મારી મરણમૂડી ગુપ્ત રીતે રાખી મૂકી તે કોઇ જાણી જશે તો શું થશે? વેપારમાં ખોટ આવશે તો આબરૂ કેમ જળવાશે? આવી આવી કલ્પનાઓ, તરંગો, યોજનાઓ અર્થવગરના દંડો છે, મનને બગાડનાર ખ્યાલો છે, દુર્ગતિમાં ધકેલનાર હેતુ વગરના પ્રચંડ પાપો છે. એનાથી ચેતવાની વધારે જરૂર છે. આવા અપધ્યાનો તેમજ હિંસા, મૃષા, ચૌર્ય કે સંરક્ષણનાં અપધ્યાનો બહુ આકરાં છે, હૃદયને વલોવી નાખનાર છે, ઉત્ક્રાંતિ કે વિકાસને ડોળી નાખનાર છે.

અને વગરવિચાર્યે સ્વચ્છંદીપણે કેટલાં બંધનો કરીએ છીએ. ફરવા જઇએ અને લીલી વનસ્પતિને ખૂંદતાં, બાજુમાંથી ફૂલોને ચૂંટતાં કે ડાળી–ડાંખળાં તોડતાં કદી ખ્યાલ પણ રહે છે કે એ વસ્તુમાં જીવ છે, એને સંજ્ઞા છે અને પોતાનો સ્વેચ્છાચાર ગતિમાન ન હોય તો તે પોતાને સ્થાને પડેલાં છે. ઉલ્કાપાત જમાવવો, ધમાલ કરવી અને પછી જાણે પોતે કાંઇ જાણતા જ નથી એવું નિર્દોષપણું જાહેર કરવું કે ધારણ કરવું એ વિચાર વગરનું વર્તન છે, અર્થવગરનો વિલાસ છે, ઉદ્દેશ વગરનો વ્યવહાર છે.

આવી જ પાપશ્રેણી પાપોપદેશ કરવામાં લાગે છે. પોતાને કાંઇ લાગતુંવળગતું ન હોય, છતાં મહાઆરંભ અને મહાપરિગ્રહના ઉપદેશ આપવા, ખોટા દસ્તાવેજ બનાવવાનાં કે ખોટી સાક્ષી આપવાનાં, મોટાં જૂઠાં કરવાની સલાહ આપવી, કોઇનું નિકંદન કાઢી નાખવા અન્યને ઉશ્કેરવા. ખૂનામરકી થઇ જાય એવાં કારસ્તાનો ઘડી ત્રીજે ઘેરથી કુકરીઓ ઉડાવવી અને એવી રચના ગોઠવવામાં પોતાની હુશિયારી બદલ અભિમાન રાખવું. આ સર્વે પાપોપદેશ નામના અનર્થદંડો છે, મહાહાનિકારક છે, અનંત ભવે પણ ઠેકાણું ન સાંપડવા દે તેવા અઘોર મહાપાપો છે.

આળસમાં પડયા રહેવું, આજે તો કાંઇ ગોઠતું નથી એવો ઢોંગ કરી ખાટલામાં પડયા રહેવું, વચન આપેલ છતાં મીટિંગમાં વખતસર હાજર ન થવું, નકામી વાતો કર્યા કરવી, અર્થવગરની–મુદ્દાવગરની ચર્ચા કરવી, પોતાનું જ્ઞાન દેખાડવા ભાષણો કરવા, વૈદકનું જ્ઞાન ન હોય છતાં દવા દારૂ કરવા મંડી જવું, જે વિષયમાં જ્ઞાન ન હોય તેમાં માથા મારી સલાહ આપવા મંડી જવું, શુભ કાર્યો આદરી અરધે રસ્તે રખડાવી દેવાં, પોતાની શક્તિ આવડત અને સ્થાન હોય છતાં જાહેર કાર્યોમાં ઉપેક્ષા રાખી માર્યા જવા દેવાં, ટ્રસ્ટોની જવાબદારી માથે લઇ બેદરકારીને કારણે તેમાંથી મોટી રકમની ઉચાપત અન્ય કરી જાય તેનો પક્ષ લઇ જાહેર હિતને નુકસાન થવા દેવું–આ સર્વ પ્રમાદાચરણો છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અતિ ગૂઢ પાપ છે, વગર લાભે બેદરકારી કે આળસથી થયેલ આસેવનો છે અને સંસાર-ગર્ભમાં પાડનાર અનર્થદંડો છે.

વારંવાર સિનેમા જોવા, એના સ્ટારોની વાતો કરવી, એ પરણેલાં છે કે કુંવારા તેની હકીકતો પર ચર્ચા કરવી, અમુક સિનેમાવાળાએ આટલા પેદા કર્યા અને અમુકે પહેલે દિવસે જ અજવાળ્યું તેવી વાતોમાં રસ લેવો, સારશુદ્ધિ કે શિક્ષાગ્રહણનો મુદ્દો વિસારી મોટા નિરીક્ષક કે ટીકાકાર તરીકે સિનેમા તથા નાટકો વારંવાર જોવા—આ સર્વ ભવયાતનામાં ભટકાવનાર પ્રમાદાચરણો છે. મનને અસ્તવ્યસ્ત કરનાર પાંગળીઆ મનોવૃત્તિનાં પ્રદર્શનો છે, અર્થવગરનાં આકરા અનર્થદંડો છે.

હિંસાનાં સાધનો વધારવાં, સંગ્રહવાં, વિના કારણ માગ્યા આપવાં, ભયંકર હિંસા થાય તેવા કાર્યો કરવાની કે ખાતાં કાઢવાની અન્યને સલાહ આપવી, ટૂંક સમયના જીવનને ટકાવવા આકરાં પાપો થઇ જાય તો ભલે થાય એવી સલાહ અન્યને વગર સંકોચે આપવી. આ સર્વ હિંસાપ્રદાન અનર્થદંડો છે, વગર કારણે વહોરેલાં પાપો છે, વગર લાભે નોતરેલ આફતો છે. પાઇની પેદાશ નહિ અને જરા પણ ફુરસદ નહિ—એવા નિર્હેતુક જીવનમાં રસ લેનારા પ્રણીઓ આવી ચેષ્ટાઓથી પોતાનો વિકાસ માર્ગ બગાડી નાખે છે, આડે રસ્તે વિના કારણે—વગર લાભે ઊતરી જઇ દોડાદોડ કરી મૂકે છે અને નિષ્કારણ સ્થાનભ્રષ્ટ થનારનાં પરિણામો અનુભવે છે. કોઇનું માઠું ચિંતવવું, વગર સાંભળેલી કે જોયેલી સાચી ખોટી વાત ચલાવવી, મોટા ગપ્પાં મારી ગામલોકને નાહકના ગભરાવી મારવા—આવાં આવાં અનેક અનર્થદંડો છે, વગર કારણે થતાં પાપો છે, વગર લાભે મોટી નુકસાની કરનાર પ્રમાદો છે અને વિચારીને ત્યાગ કરવા યોગ્ય વર્તનાઓ છે. જ્યાં સુધી એવાં પાપો આચરવાની વૃત્તિ ચાલુ રહે ત્યાં સુધી દાળદર જાય નહિ, પ્રભુની નેકનજર પડે નહિ અને જ્યાં સુધી સાતમે મજલેથી સુસ્થિત મહારાજાની નજર ન પડે, કૃપાદૃષ્ટિ ન થાય, અમી નજર ન ઊતરી આવે ત્યાં સુધી આ ભવની ભાવઠ ભાંગે નહિ, આંટા ફેરા આળસે નહિ અને પરંપરાએ ઉત્તરોત્તર એક ખાડામાંથી બીજામાં પડવા આથડવાની રીત દૂર થાય નહિ.

વાદે ચઢી બળદ દોડાવવાં કે વાતો કરી લોકોને લડાવવા એ અનર્થનાં નમૂના છે. એ દાખલા પાછળ મોટી વિચારણા છે, એ સૂચક શબ્દવિલાસ પાછળ આખા જીવનનો કાર્યક્રમ છે, એ કાર્યક્રમના વિચાર પાછળ ગ્રાહ્ય ભાવની પરીક્ષાબુદ્ધિ છે અને એ બુદ્ધિ પાછળ જીવનસાફલ્યની ચાવીઓ છે. દારિદ્ર દૂર કરવું હોય, પ્રભુની નેક નજર મેળવવી હોય, વિકાસક્રમમાં પ્રગતિ ન થઇ શકે તો ચાલુ સ્થિતિમાં તો જરૂર રહેવું હોય તો આખા દિવસના કાર્યક્રમને જોઇ જવો, સામે જોવાને બદલે અંદર જોવાની ટેવ પાડવી, અર્થવગરના બીનજવાબદાર કામોની પાછળ થતો શક્તિવ્યય કેટલો ભ્રામક અને ભટકાવનાર છે તેનો સાચો ખ્યાલ કરવો અને વગર લાભે વગર કારણે થતાં આવા શક્તિના દુર્વ્યયને અટકાવવા સમજણપૂર્વકનો પ્રયાસ નિશ્ચયપૂર્વક કરવો. એમ કરવાથી દાળિદર જશે, પરમાત્માની નેકનજર થશે અને કલ્યાણ મંગળમાળા વિસ્તરશે. મૌક્તિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रश्नोत्तर

( પ્રશ્નકાર—**જમનાદાસ મોહનલાલ બેલાણી ધંધુકાવાળા-કીલોલ** )

**પ્રશ્ન ૧**—વ્યવહારથી ચાર ગતિનો વર્ણ કહો.

**ઉત્તર**—આ પ્રશ્ન ચાર ગતિના વર્ણન માટે નહિ, પણ ચારે ગતિના જીવોના શરીરોના વર્ણ ( રંગ ) માટે હોય એમ લાગે છે. તેથી તે સંબંધમાં જણાવવાનું કે નારકી જીવોનાં શરીરના વર્ણ શ્યામ જ હોય છે. મનુષ્ય ને તિર્યંચ ગતિના જીવોનાં શરીર પાંચે વર્ણનાં હોય છે. દેવોમાં ભવનપતિ ને વ્યંતર દેવનાં શરીર પાંચે વર્ણના હોય છે અને જ્યોતિષી ને વૈમાનિક દેવોનાં શરીર ઉજ્જ્વળ વર્ણનાં હોય છે.

**પ્રશ્ન ૨**—કષાય કોના ઉપર કરવો ?

**ઉત્તર**—કષાય દુર્ગુણ ઉપર કરવો, દુર્ગુણી ઉપર ન કરવો.

**પ્રશ્ન ૩**—કષાયનો વર્ણ કેવો હોય છે ?

**ઉત્તર**—કષાય મોહનીય કર્મની પ્રકૃતિ છે અને તે પુદ્ગલજન્ય છે, તેથી તેમાં પાંચે વર્ણ સંભવે છે.

**પ્રશ્ન ૪**—રાગદ્વેષની બુદ્ધિથી શું જોવાય છે ?

**ઉત્તર**—રાગની બુદ્ધિથી અશુભમાં પણ શુભ દેખાય છે અને દ્વેષની બુદ્ધિથી શુભમાં પણ અશુભ દેખાય છે.

**પ્રશ્ન ૫**—રોગ ઉત્પન્ન થવાનાં કારણો શું છે ?

**ઉત્તર**—ઉપાદાન કારણ તરીકે તો અશાતાવેદનીય કર્મ કારણભૂત છે અને નિમિત્ત કારણ તરીકે ખોરાકનું અને રહેણીકહેણીનું અથવા વર્તનનું અનિયમિતપણું છે.

**પ્રશ્ન ૬**—રોગ નાશ થવાનાં કારણ શું છે ?

**ઉત્તર**—ખોરાકનાં તેમજ વર્તનના નિયમિતપણાથી રોગ નાશ પામે છે, તેમજ અનુકૂળ ઔષધાદિક અને પથ્ય સેવન રોગનો નાશ કરે છે. જુઓ, જૈ ધ. પ્ર. અશાડનો અંક પૃ. ૨૮૧.

**પ્રશ્ન ૭**—જગતમાં પાંચ પ્રકાર દુર્લભ કહ્યા છે તે કયા કયા ?

**ઉત્તર**—પરોપકાર, પૂજા, પચ્ચખ્ખાણ, પ્રતિક્રમણ અને પૌષધ.

**પ્રશ્ન ૮**—દેવાંશી મનુષ્ય કોને કહીએ ?

**ઉત્તર**—પૂર્વ પુન્યના કારણથી જે મનુષ્ય અન્ય મનુષ્ય કરતાં વધારે ભાગ્યશાળી અને સુખી હોય તે દેવાંશી કહેવાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન ૯**—દેવતાઓને નિદ્રા હોય કે નહિ ?

**ઉત્તર**—દેવોને દર્શનાવરણીય કર્મના ઉદય તરીકે નિદ્રાનો ઉદય હોય છે, પરન્તુ તે મનુષ્યની જેમ ઊંઘતા હોય એમ લાગતું નથી.

**પ્રશ્ન ૧૦**—સિદ્ધની ઊર્ધ્વ ગતિના ચાર કારણો કહ્યા છે તે ક્યા ક્યા ?

**ઉત્તર**—પૂર્વપ્રયોગ, ગતિપરિણામ, બંધનછેદ અને અસંગ-આ ચાર કારણોવડે સિદ્ધ થનારા જીવો ઊર્ધ્વ ગમન કરે છે.

**પ્રશ્ન ૧૧**—એકવીશ પ્રકારના પાણીનો કાળ ઉષ્ણ જળ પ્રમાણે છે કે કેમ ?

**ઉત્તર**—ત્રણ ઉકાળાવડે ઉષ્ણ કરેલા જળનો જે કાળ કહેલો છે તેટલો કાળ તેનો પણ હોય તેમ સેનપ્રશ્નમાં કહેલ છે.

**પ્રશ્ન ૧૨**—ગર્ભમાં રહેલો જીવ ત્રણ પ્રકારના આહારમાંથી કયા પ્રકારનો આહાર કરે ?

**ઉત્તર**—ઉત્પન્ન થતી વખતે ઓજઆહાર, અને ત્યાર પછી ગર્ભમાં રહે ત્યાં સુધી લોમ આહાર હોય, કવળ આહાર હોય જ નહિ.

**પ્રશ્ન ૧૩**—હંસ પાણી સાથે મળેલા દૂધમાંથી માત્ર દૂધ શી રીતે પીએ છે ?

**ઉત્તર**—હંસની ચાંચમાં એવો ખટાશવાળો ગુણ રહેલો છે કે તે ચાંચ જળ-મિશ્રિત દૂધમાં બોળતાં દૂધના ફોદા થઇ જઇને પાણીથી જુદા પડી જાય છે. એટલે હંસ ફોદાને ખાઇ જાય છે.

**પ્રશ્ન ૧૪**—પહેલે પહોરે વહોરી લાવેલ આહાર મુનિ ક્યાં સુધી વાપરી શકે ?

**ઉત્તર**—પહેલે પહોરે લાવેલ પાણી સિવાયનો આહાર મુનિ ત્રીજા પહોર સુધી વાપરી શકે.

**પ્રશ્ન ૧૫**—સાધ્વીઓને સાધુની જેમ નવકલ્પી વિહાર હોય કે કેમ ?

**ઉત્તર**—તેમને માટે પાંચકલ્પી વિહાર કહેલો છે. ચાર બે માસના અને એક ચાર માસનો

**પ્રશ્ન ૧૬**—દેવ, દેવીની સાથે મૂળ શરીરે ભોગ ભોગવે કે ઉત્તરવૈક્રિય કરીને ભોગ ભોગવે ?

**ઉત્તર**—મૂળ શરીરે જ ભોગવે એમ જાણવામાં છે.

**પ્રશ્ન ૧૭**.—ઔદારિક શરીરવાળી મનુષ્યજાતિની સ્ત્રીને કોઇ દેવ ભોગવે તો તેને ગર્ભ રહે કે કેમ ?

**ઉત્તર**—વૈક્રિય શરીરથી ભોગ ભોગવતાં ગર્ભ રહી શકે નહિ, કેમ કે તેમાં વીર્યરૂપ ધાતુ નથી.

**પ્રશ્ન ૧૮**.—સર્વ સંયમરૂપ ચારિત્ર કયે ગુણઠાણે હોય ?

**ઉત્તર**—ઉત્કૃષ્ટ યથાખ્યાત ચારિત્ર ચૌદમે ગુણઠાણે હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૧૯.—સમતા મોક્ષપ્રાપ્તિનું અંગ કહેવાય છે, તે કેવી રીતે ?

**ઉત્તર**—સમભાવ એનું નામ જ સમતા છે અને સમભાવમાં વધતો વધતો જીવ મોક્ષ પામી શકે છે તેથી તેને મોક્ષપ્રાપ્તિનું અંગ કહેલ છે.

**પ્રશ્ન** ૨૦.—પાંચમા આરામાં મનુષ્ય મરણ પામીને દેવગતિમાં અને નરકગતિમાં કયાં સુધી જાય ?

**ઉત્તર**—દેવગતિમાં ચોથા દેવલોક સુધી જાય અને નરકગતિમાં બીજી નરક સુધી જાય.

**પ્રશ્ન** ૨૧.—એક સીંઘોડામાં કેટલા જીવ છે ?

**ઉત્તર**—સેનપ્રશ્નમાં બે જીવ હોય તેમ કહ્યું છે, પણ તે બન્નેના ઔદારિક દેહ જુદા જુદા સમજવા.

**પ્રશ્ન** ૨૨.—સર્પનું પવનભક્ષી નામ છે, તે સાર્થક છે ?

**ઉત્તર**—અમુક અંશે તે સાર્થક છે. અને સર્પ અનેક નાનામોટા ત્રસ જીવોનો પણ આહાર કરે છે.

**પ્રશ્ન** ૨૩.—જંબૂદ્વીપના મધ્યમાં મેરુપર્વત ૧ લાખ યોજન ઊંચો છે. તેની ઉપર પ્રકાશ શેનો પડતો હશે ? કારણ કે સૂર્યચંદ્રાદિ જ્યોતિષ્ચક્ર તો સમભૂતલા પૃથ્વીથી નવ સો યોજનમાં જ છે.

**ઉત્તર**—ઊર્ધ્વ દિશાનું નામ જ વિમળા છે, ઊર્ધ્વ લોકમાં સર્વત્ર પ્રકાશ જ રહેલ છે; તેથી તેને સૂર્યચંદ્રના પ્રકાશની જરૂર નથી.

**પ્રશ્ન** ૨૪—લવણ સમુદ્રમાં રહેલ મત્સ્યો પોતાનાં ઇંડાં કયાં મૂકતાં હશે ?

**ઉત્તર**—સમુદ્રની અંદર મધ્યમાં દ્વીપો તથા પર્વતો છે. તેને લગતાં તેમજ બન્ને બાજુની જગતીને લગતાં ઊંચાનીચા પ્રદેશો હોય છે, તેથી ત્યાં ઇંડાં મૂકતાં હશે એવો સંભવ છે.

**પ્રશ્ન** ૨૫—મુનિમહારાજા સ્થાપનાચાર્ય રાખે છે, તેમાં પાંચ અક્ષ હોય છે. તે શેના હોય છે ?

**ઉત્તર**—તે પાંચે આચાર્યાદિકની સ્થાપનાના છે અને તે સ્થાપના યાવત્કથિક કહેવાય છે. તેથી તે સ્થાપના જ્યાં હોય ત્યાં ધર્મક્રિયા કરતાં વારંવાર સ્થાપના સ્થાપવી પડતી નથી.

**પ્રશ્ન** ૨૬—પૂર્વોક્ત અક્ષની સ્થાપનાને બદલે સુખડ વગેરેમાં કોતરેલી આચાર્યાદિકની મૂર્તિ રાખે તો ચાલી શકે ?

**ઉત્તર**—ન ચાલી શકે, કેમ કે તે સ્થાપના ઇત્વરિક એટલે અલ્પકાલીન કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન** ૨૭.—સમુદાયમાં આગેવાન થનાર ગૃહસ્થ જ્યાં સુધી દ્રવ્યબળ સાથે જ્ઞાનબળ ન મેળવે ત્યાંસુધી તેને આગેવાન કરવા માટે રાહ જોવી કે કેમ ?

**ઉત્તર**—આગેવાન થનાર ગૃહસ્થમાં તે બંને પ્રકારનું બળ હોવું જોઈએ તે ખરી વાત છે, પરન્તુ વર્તમાનમાં તેવું જોઇ શકાતું નથી.

**પ્રશ્ન** ૨૮—આજનું ધોયેલું ધોતિયું બીજે દિવસ પૂજામાં કે સામાયિકમાં વપરાય કે નહિ ?

**ઉત્તર**—વાપરી શકાય; પરન્તુ ત્યારપછી જો આખો દિવસ વાપરવામાં આવે તો ફરીને ધોવું જોઇએ. પ્રાયે પૂજામાં વાપરવાનું વસ્ત્ર ખાસ જુદું જ રાખવું જોઈએ.

**પ્રશ્ન** ૨૯—સ્થાનકવાસી સાધુ કે સાધ્વી આપણે ત્યાં વહોરવા આવે તો વહોરાવવું કે નહિ ? **ઉત્તર**—વહોરાવવું. તેનો નિષેધ જાણ્યો નથી.

**પ્રશ્ન** ૩૦—મુસલમાન ચિતારા પાસે દહેરાસરમાં ચિત્રામણ કરાવવું કે નહિ ? અને તેની પાસે તીર્થના પટ પણ ચીતરાવવા કે નહિ ?

**ઉત્તર**—એના માટે એકાન્ત નિષેધ જાણ્યો નથી. જ્યાં મુસલમાન ચિતારા સિવાય બીજા ચિતારા મળતા હોય ત્યાં તેમની પાસે ચિત્રામણ કરાવવું વધારે સારું છે.

**પ્રશ્ન** ૩૧—પૂર્વે સાધુ જંગલમાં જ રહેતા હતા તો તેઓ ચોમાસામાં અપ્કાય જીવોની વિરાધનાથી કેવી રીતે બચી શકતા હશે ?

**ઉત્તર**—પૂર્વ મુનિઓ જંગલમાં જ રહેતા હતા એમ નથી. મોટે ભાગે તો ઉપાશ્રયોમાં જ રહેતા હતા. જેઓ ચોમાસામાં ગમનાગમન ન કરતાં હોય તેમજ વર્ષાદના ઉપદ્રવને સહન કરી શકે તેવા હોય તેઓ જ પ્રાયે જંગલમાં રહેતા હતા.

**પ્રશ્ન** ૩૨—અનંતાનુબંધી ચારે કષાયની જઘન્ય સ્થિતિ કેટલી ?

**ઉત્તર**—એ મોહનીય કર્મની પ્રકૃતિ છે. મોહનીય કર્મની જઘન્ય સ્થિતિ ૧૨ મુહૂર્તની કહી છે.

**પ્રશ્ન** ૩૩—જિનમૂર્તિને ચાર પ્રકારે પુષ્પો ચડાવવાના કહ્યા છે તે ચાર પ્રકાર શી રીતે સમજવા ?

**ઉત્તર**—પુષ્પને ગુંથી હાર વગેરે બનાવીને ચડાવવા તે ગ્રંથિમ. સળી વગેરેની સાથે વીંટી ગોટા વગેરે બનાવીને ચડાવવા તે વેઢિમ. પ્રભુની પાસે ફૂલના પગર ભરવા તે પૂરિમ અને પ્રભુની મૂર્તિ ઉપર પુષ્કળ છૂટાં ફૂલ ચડાવવા તે સંઘાતિમ એમ મારા સમજવામાં છે.

**પ્રશ્ન** ૩૪—દ્રવ્ય હિંસા કરવાથી પહેલા વ્રતનો ભંગ થાય કે નહિ ?

**ઉત્તર**—દ્રવ્યથી હિંસા થાય અને ભાવથી હિંસા ન થાય તો તેને અતિચાર દોષ કહ્યો છે અને ભાવહિંસા થાય તો તેને વ્રતનો ભંગ કહ્યો છે.

**પ્રશ્ન** ૩૫—૫૬ દિશાકુમારિકાઓ અને ૨૪ યક્ષણીઓ કઇ નિકાયની છે ?

**ઉત્તર**—૫૬ દિશાકુમારિકાઓ પલ્યોપમના આયુષ્યવાળી હોવાથી ભુવનપતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિકાયની છે અને ૨૪ યક્ષિણીઓ વ્યંતર નિકાયની છે, કેમકે ૮ પ્રકારના વ્યંતર પૈકીનો યક્ષ એક ભેદ છે.

**પ્રશ્ન** ૩૬—દેવતાઓના વિમાનોમાં જે પુસ્તકો છે તેમાં શું લખ્યું હશે અને કઈ લિપિમાં લખ્યું હશે ?

**ઉત્તર**—૧૨ દેવલોક સુધીના દેવોનાં વિમાનમાં જે પુસ્તકો છે તેમાં તે તે દેવોનો કલ્પ એટલે આચાર જણાવ્યો છે, અને ગ્રૈવેયકમાં તેમજ અનુત્તર વિમાનમાં જે પુસ્તકો છે તેમાં ષડ્દ્રવ્યનું સ્વરૂપ જણાવેલું છે અને તે પુસ્તકોની લિપિ દેવનાગરી છે એમ મારા જાણવામાં છે.

**પ્રશ્ન** ૩૭—જિનાલયમાં પચ્ચખ્ખાણ પારવાની વિધિ કરી શકાય કે નહિ ?

**ઉત્તર**—એ ક્રિયા પૌષધશાળામાં જ કરવા યોગ્ય છે.

**પ્રશ્ન** ૩૮—નવકારો ગણીએ અથવા શત્રુંજયનાં નામ ગણીએ તો તે બેમાંથી વધારે લાભ શેમાં છે ?

**ઉત્તર**—જે ક્રિયામાં ભાવની વૃદ્ધિ થાય તેમાં વધારે લાભ છે એમ સમજવું.

કુંવરજી

## હું કોણ ?

ઉપર જણાવેલો પ્રશ્ન દરેક સુજ્ઞ આત્માએ પ્રાતઃકાળે જાગૃત થતાં પોતાના આત્માને પૂછવો જોઇએ અને તેનો ઉત્તર મેળવવો જોઇએ.

હું કોણ ? એ વાત જો બરાબર સમજાય તો પછી આખા દિવસની દિનચર્યાનો નિર્ણય કરતાં વાર લાગતી નથી. મુગ્ધ જીવો તો પોતે જ પોતાને ઓળખતા નથી, પોતાનું સ્વરૂપ જાણતા નથી અને મુગ્ધપણે સંસારમાં ઝુકાવ્યા કરે છે. જો પ્રાણી સમજે કે હું મનુષ્ય છું, પૂરા પુન્યયોગે મને ધર્મની સામગ્રી સાથે માનવ જન્મ સાંપડેલો છે, તેને સફળ કરવાનું મારું કાર્ય છે. જો મળેલ જન્મ નિષ્ફળ જશે તો ફરીને આવો જન્મ મળવો મુશ્કેલ છે ને જો આ જન્મની ખરી કિંમત પ્રાણી સમજી શકે અને તેની દુર્લભતા જાણી શકે તો જરૂર તેને સફળ કરવા માટે ઘટતો પ્રયત્ન કરે પણ આ બાબત સમજવી જ મુશ્કેલ છે. ખરી રીતે તો સમકિતદષ્ટિ જીવ જ પોતે પોતાને ઓળખે છે અને પછી તેને અનુકૂળ ક્રિયામાં પ્રવર્તે છે. આ ત્રણ અક્ષરનો પ્રશ્ન ઘણી ઊંડી વિચારણા માગે છે. એને અંગે શાસ્ત્રોમાં ઘણું કહ્યું છે. અહીં તેનો વિસ્તાર ન કરતાં સુજ્ઞજનોની વિચારણા ઉપર જ આ પ્રશ્ન છોડી દેવામાં આવે છે. આશા છે કે-આ પ્રશ્નને નાનો ગણી, તેની ઉપેક્ષા ન કરતાં તેના ઉત્તર સંબંધી ઘટતો વિચાર જરૂર કરવામાં આવશે.

કુંવરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## મનુષ્યે કોઈ પણ પ્રકારનો ગર્વ કરવો નહીં

**विश्वे सहस्रशो संति, धीधयोऽपि धीधनाः।**

અનેક શાસ્ત્રો ભણેલાઓએ શાસ્ત્રો સંબંધી પણ ગર્વ ન કરવો કારણ કે આ જગતમાં વિદ્યા, બુદ્ધિ, બળ, ઐશ્વર્યના વૈભવમાં એક બીજાથી ચડતા અનેક મનુષ્યો હોય છે. જેઓ એમાંની કોઈ પણ બાબતનો ગર્વ કરે છે તેને દુનિયાની પરિસ્થિતિથી અજ્ઞાત સમજવા, કેમ કે જો તેઓ જગતની પરિસ્થિતિ જાણતા હોય તો તેમને પોતાથી વધારે શાસ્ત્રાભ્યાસી, વધારે બુદ્ધિમાન, વધારે બળવાન, વધારે ઐશ્વર્યવાળા અને વધારે વૈભવવાળા અનેક મનુષ્યો આ જગતમાં વિદ્યમાન છે એમ જણાયું જ હોય. વળી વધારે વિચાર કરતાં જણાય છે કે–અભિમાનનું ઘર ખાલી છે, અભિમાન કરનાર આગળ વધી શકતો નથી તેમજ જેનું અભિમાન કરે છે તે વસ્તુ પણ અનિત્ય છે–કાયમ એક સરખી રહેતી નથી, કોઇની રહી નથી. આમ જાણતા છતાં અભિમાન કરાય જ કેમ?

જગતમાં પણ અભિમાન કરનારની લોકો હાંસી કરે છે અને કહે છે કે એને શાસ્ત્રાભ્યાસ, બુદ્ધિ, બળ અને વૈભવ મળ્યાં પણ તે ઝર્યાં નહીં, પચ્યાં નહી, તેનો ખરો ઉપયોગ તે સમજ્યો નહીં. વળી જ્યારે જે બાબતનું અભિમાન કર્યું હોય તે બાબતની ખામી પડે છે ત્યારે લોકો કહે છે કે જોયું! આ અભિમાન કરનારની દશા શું થઇ? માટે ડાહ્યા મનુષ્યે કદાપિ કોઈપણ બાબતનો ગર્વ કરવો નહીં. ગર્વ એ તો માનનું બીજું નામ છે. એ મોહરાજાનો પૌત્ર છે અને રાગકેશરીનો પુત્ર છે. એણે ઘણા મનુષ્યોને હેરાન કર્યા છે તેને માટે ખાસ ઉપમિતિભવપ્રપંચા કથા ને વૈરાગ્યકલ્પલતા વાંચો. જે વસ્તુ મળી હોય તે વધારે મેળવવા યોગ્ય પ્રયત્ન ભલે કરો પણ અભિમાન કરશો નહીં. આઠ મહામદની સજ્ઝાયમાં રાવણ વિગેરે અનેક અભિમાનીઓના ગર્વ ગળી ગયાનાં દૃષ્ટાંતો છે તે વાંચવા વિચારવા અને મળેલ વસ્તુમાં સંતોષી રહેવું તેમજ શાંતવૃત્તિથી તેમાં આગળ વધવા યોગ્ય પ્રયત્ન કરવો.

કુંવરજી

## હવે શું ધાર્યું છે?

આજ સુધી તો જેમ તેમ ચલાવ્યું. ખાસ ધર્મકરણી કરવા તરફ ચિત્ત આપ્યું નથી, પરંતુ હવે તો ૫૦ વર્ષ થયા, અરધી ઝાઝેરી વહી ગઇ. હવે જો ખાસ આત્મસાધન નહીં કરો તો પછી જરૂર પસ્તાવો થશે. આવો મનુષ્ય જન્મ ને આવી ધર્મસામગ્રી ફરીને મળવી મુશ્કેલ છે. સંસારના કાર્ય તો ભવોભવમાં કર્યા છે તેમાં નવાઈ જેવું નથી. ધર્મ જેવો કરવો જોઇએ તેવો *કર્યો નથી.* હવે જરા *શાંતિથી* સમજપૂર્વક ધર્મકાર્ય કરો, વિષયકષાય ઘટાડો અને પરમાત્મા સાથે પ્રીતિ જોડો. સમજુને વધારે શું કહેવું? કુટુંબપરિવારનો ને કંચનકામિનીનો મોહ ઘટાડશો તો જ ધર્મકાર્ય થશે.

કુંવરજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બાર ક્ષમાશ્રમણો

[ ૨ ]

લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.

( અનુસંધાન પૃષ્ઠ ૨૫૪ થી )

## ૩-૪. દેવવાચક અને દેવર્દ્ધિ ગણિ

**દેવર્દ્ધિ** ગણિ ક્ષમાશ્રમણનું નામ આગમોનું પુસ્તકારોહણ કરનાર તરીકે સુપ્રસિદ્ધ છે. એ પુસ્તકારોહણ જે વર્ષમાં થયું તે વર્ષ માથુરી [1]વાચનાના અનુયાયીઓના મતે **વીર** સંવત્ ૯૮૦ (ઈ. સ. ૪૫૩=વિ. સં. ૫૧૦) હતું અને વાલભી વાચનાના અનુયાયીઓને મતે વીર સંવત્ ૯૯૩ હતું. **દેવર્દ્ધિ** ગણિએ માથુરી વાચનાને મુખ્ય ગણી **પજ્જોસવણાકપ્પ**-(કલ્પસૂત્ર)માં મહાવીર ચરિત્રના અંતમાં પ્રથમ ૯૮૦ નો અને ત્યારબાદ વાચનાંતર પ્રમાણે ૯૯૩ નો નિર્દેશ કર્યો છે. ઉપર્યુક્ત માથુરી વાચના વીર સંવત્ ૮૨૭ થી ૮૪૦ ના ગાળામાં યુગપ્રધાન સ્કંદિલસૂરિના પ્રમુખપણા હેઠળ 'મથુરા'માં થઈ હતી, એવી રીતે એ જ સમયમાં 'વલભી' નગરીમાં વાચક **નાગાર્જુને** સંઘ એકત્રિત કરી આગમો અને અનુયોગો વગેરે લિપિબદ્ધ કરાવ્યા હતા અને તે મુજબ વાચના આપી હતી. આને 'નાગાર્જુની વાચના' પણ કહે છે.

અહીં એ ખ્યાલમાં રાખવું જોઈએ કે શ્રુતકેવલી **ભદ્રબાહુના** સમયમાં અર્થાત્ **વીર** સંવત્ ૧૬૦ ની આસપાસમાં 'પાટલિપુત્ર' નગરમાં સૌથી પ્રથમ વાચના થઈ હતી. આમ **વીર** સંવત્ ૧૦૦૦ સુધીમાં પાટલીપુત્રી, માથુરી અને વાલભી એમ ત્રણ વાચના થઈ છે. છેલ્લી વાચના થયા બાદ લગભગ દોઢસો વર્ષ પછી [2]**દેવર્દ્ધિ** ગણિએ પુસ્તકારોહણનું કાર્ય વિશાળ રૂપમાં કર્યું હતું. એટલે એમણે કંઈ વલભી નગરમાં ત્રીજી વાચના આપી નથી કે એમણે પહેલી જ વાર આગમો લખાવી લીધા એમ પણ નથી.

**પજ્જોસવણાકપ્પ**માં જે **થેરાવલી** છે તેના અંતમાં નીચે મુજબની ગાથા છે, જે **દેવર્દ્ધિ** ગણિના કોઈ શિષ્યે કે ભક્તે રચી હોય એમ લાગે છેઃ—

" सुत्तत्थरयणभरिए खमदमद्दवगुणेहिं संपन्ने ।
देविड्ढिखमासमणे 'कासव'गुत्ते पणिवयामि ॥ १४ ॥ "

---

૧. વાચનાનો સામાન્ય અર્થ પાઠ આપવો-પઢાવવું-શીખવવું એવો થાય છે. શિષ્યને સૂત્ર અને અર્થનો પાઠ આપવો તે 'વાચના આપી' એમ કહેવાય છે. પ્રત્યેક શ્રુતધર પોતાના શિષ્યોને વાચના આપે છે. એવી તો સેંકડો વાચનાઓ અત્યાર સુધીમાં થઈ ગઈ છે અને આજે પણ એવી વાચના તો ચાલુ છે, પણ અહીં જે વાચનાનો નિર્દેશ છે તે જૈન સંઘની વિશિષ્ટ ઘટનારૂપે નોંધાયેલી વાચના છે, અને એવી વિશિષ્ટ વાચના ત્રણ જ થઈ છે.

૨. **સામાચારીશતક**(પત્ર ૮૦)માં એના કર્તા **સમયસુન્દરગણિએ દેવર્દ્ધિ** ગણિ ક્ષમાશ્રમણે વાચના પ્રવર્તાવી તે જ સમયે સ્કંદિલાચાર્યે પણ બીજી વાચના પ્રવર્તાવી એમ જે કહ્યું છે તે ભ્રાન્ત છે. નાગાર્જુનને બદલે **દેવર્દ્ધિ** ગણિનું નામ સૂચવાયું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનો અર્થ એ છે કે સૂત્ર અને અર્થરૂપી રત્નોવડે પરિપૂર્ણ તેમ જ ક્ષમા અને માર્દવ એ ગુણોથી યુક્ત એવા 'કાશ્યપ' ગોત્રના **દેવર્દ્ધિ** ક્ષમાશ્રમણને હું વંદન કરું છું.

આવા અર્થવાળી ગાથા **દેવર્દ્ધિ** ગણિ જાતે રચે અને તેમ કરી પોતાની પ્રશંસા કરે એ બનવાજોગ જ નથી; કેમ કે એ મહાનુભાવ વિશેષણોની હારમાળા લગાડી પોતાની ખોટી મહત્તાને સિદ્ધ કરનાર ન હતા. આ ગાથા કેટલી પ્રાચીન છે એ નક્કી કહેવું મુશ્કેલ છે, છતાં એનું અનુમાન કરવામાં **પજ્જોસવણાકપ્પની** પ્રાચીનમાં પ્રાચીન હાથપોથી અને ટીકા સહાયભૂત થઇ શકે તેમ છે.

**દેવર્દ્ધિ** ગણિ ક્ષમાશ્રમણ તે જ **નંદીના** પ્રણેતા **દેવવાચક** છે એમ કેટલાક માને છે. આ માન્યતાનો આપણે વિચાર કરીશું જેથી એની સત્યતા માટે કોઇ આધાર છે કે નહિ તે જાણી શકાય.

**નંદી** એ આગમ ગણાય છે. જેમ **યજુર્વેદ**( અધ્યાય ૧૨, મંત્ર ૪ )માં એ વેદનું નામ સૂચવાયાનું મનાય છે તેમ આ **નંદીમાં** ઉત્કાલિક શ્રુતની ગણના કરતી વેળા **નંદીનો** નિર્દેશ થએલો છે. આ **નંદી** એ એની પહેલાં રચાયેલા અંગ, ઉવંગ વગેરેમાં નિર્દેશાયેલા જ્ઞાનના સ્વરૂપની સંકલનારૂપ ગ્રન્થ છે કે સ્વતંત્ર કૃતિ, એની ચર્ચા અહીં અસ્થાને છે એટલે એ હું અહીં જતી કરું છું.

**નંદીમાં** કોઇ સ્થળે એના કર્તાના નામનો નિર્દેશ નથી. ઉપલબ્ધ સાહિત્ય જોતાં આ સંબંધમાં બે પ્રાચીન મુનિવરોના ઉલ્લેખ મળે છેઃ—

( ૧ ) **શક** સંવત્ ૫૯૮ માં અર્થાત્ ઇ. સ. ૬૭૬ માં લખાયેલી અને ઘણાખરા આધુનિક વિદ્વાનોને મતે એ વર્ષમાં **જિનદાસગણિ** મહત્તરને હાથે રચાયેલી-પૂર્ણ કરાયેલી **નંદીચુણ્ણિ**( પત્ર ૧૦ )માં નીચે મુજબ પંક્તિ છેઃ—

" **एवं कयमंगलोवयारे थेरावलिकमे य दंसिए अरिहेसु त दंसितेसु दूसगणिसीसो देववायगो साधुजणहियट्ठाए इणमाह ॥** "

**નંદીની થેરાવલીની સુકુમાલથી** શરૂ થતી ૪૨ મી ગાથામાં **દૂસ** ( દૂષ્ય ) ગણિને માટે બહુવચન વપરાયું છે. એ સંબંધમાં આ ચુણ્ણિ ( પત્ર ૯ ) માં " **गुरवो त्ति काउं च बहुवयणं भणियं** " એમ એની સહેતુકતા સૂચવાઇ છે.[૧]

આ પ્રમાણેના બે ઉલ્લેખો ઉપરથી એ જાણી શકાય છે કે **જિનદાસ** ગણિના મતે **નંદી** એ દૂષ્ય ગણિના શિષ્ય **દેવવાચકની** કૃતિ છે. **હરિભદ્રસૂરિ** પણ આ જ મત ધરાવે છે, કેમ કે **નંદીની** વૃત્તિ( પત્ર ૨૦ )માં એમણે **जे अन्ने भगवंते** થી શરૂ થતી ૪૩મી ગાથાની વૃત્તિમાં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે. " **क एवमाह दूष्यगणिशिष्यो**

૧. **નંદીની થેરાવલીમાં** ૩૦ મીથી ૪૦મી સુધીની ગાથાઓમાં પણ કેટલાક મુનિવરો માટે બહુવચન વપરાયેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**देववाचक इति** " વળી ૪૨ મા પત્રમાં 'ગોયમ' એ સંબોધન કેવી રીતે બંધબેસતું ગણાય એ પ્રશ્ન ઊઠાવતાં તેમણે કહ્યું કે " **ननु देववाचकरचितोऽयं ग्रन्थ इति ।** "

**જિનદાસ** ગણિની કે **હરિભદ્રસૂરિની** કોઇ પણ કૃતિમાં આ **દેવવાચક** એ **દેવર્દ્ધિ** ગણિ ક્ષમાશ્રમણ છે એવો ઉલ્લેખ જણાતો નથી. એટલે જો એવો ઉલ્લેખ ન જ હોય તો આવી પ્રસિદ્ધિનું ઉદ્ગમસ્થાન જાણવું બાકી રહે છે. એ સંબંધમાં વિચાર કરાય તે પૂર્વે **મલયગિરિસૂરિ** પણ **નંદીના** કર્તા તરીકે **દેવવાચકનું** નામ દર્શાવે છે અને સાથે સાથે **નંદીની થેરાવલીમાં** આર્ય **મહાગિરિની** આવલિકાનો અધિકાર છે એમ કહે છે એ મતલબની પંક્તિ જે **નંદીની મલયગિરિસૂરિકૃત** ટીકા( પત્ર ૪૯ અ–આ )માં છે તે નોંધી લઇએ:—

**" तत्र सुहस्तिन आरभ्य सुस्थितसुप्रतिबुद्धादिक्रमेणावलिका विनिर्गता सा यथा दशाश्रुतस्कन्धे तथैव द्रष्टव्या, न च तयेहाधिकारः, तस्यामावलिकायां प्रस्तुताध्ययनकारकस्य देववाचकस्य भावात्, तत इह महागिर्यावलिकयाधिकारः"**

અર્થાત્ **સુહસ્તિ( સૂરિ )**થી શરૂ કરી **સુસ્થિત, સુપ્રતિબુદ્ધ** ઇત્યાદિ ક્રમથી જે આવલિકા–પરંપરા નીકળી છે તે **દશાશ્રુતસ્કંધમાં** એટલે કે **પજ્જોસવણાકપ્પની થેરાવલીમાં** છે તેવી જ જોવી–જાણવી. પણ અહીં એ આવલિકાનો અધિકાર નથી, કેમ કે એ આવલિકામાં પ્રસ્તુત અધ્યયન( **નંદી** )ના કર્તા **દેવવાચકનો** અભાવ છે–**દેવવાચક** એ પરંપરાના નથી. એથી અહીં તો **મહાગિરિની** આવલિકાનો અધિકાર છે.

આ પ્રમાણે જે અહીં **દેવવાચકને આર્યમહાગિરિની** શાખામાં થયેલા બતાવ્યા છે તે હકીકતમાં સત્ય હોવું મુશ્કેલ છે, એમ પં. **કલ્યાણવિજયજી वीरनिर्वाण संवत् और जैन कालगणना**( પૃ. ૧૨૦ )માં કહે છે.*

અહીં એ હકીકત ઉમેરીશ કે તેમની કેટલીક માન્યતા નીચે મુજબ છેઃ—

***નંદીની થેરાવલીમાં રેવતીનક્ષત્ર** પછી 'બ્રહ્મદ્વીપિક' **સિંહનો** ઉલ્લેખ છે. 'બ્રહ્મદ્વીપિક' શાખા **આર્યસમિતથી** નીકળી છે અને **સિંહ** આ શાખાના સ્થવિર છે એમ **દેવર્દ્ધિ** જાતે કહે છે તો પછી **દેવર્દ્ધિની** થેરાવલી એ **મહાગિરિ** શાખાની ગુર્વાવલી હતી તો એમાં અન્ય શાખાના સ્થવિર **સિંહનો** ઉલ્લેખ કેમ કરાયો છે?

'વિદ્યાધર' ગચ્છ **આર્યસુહસ્તિસૂરિની** શાખામાં હતો. જો **નંદીની થેરાવલી** મહાગિરિશાખીય સ્થવિરોની ગુરુપરંપરા હતી તો એમાં **સ્કંદિલને** સ્થાન મળ્યું ન હોત–મળવું જોઇતું ન હતું. જો **દેવર્દ્ધિ** 'મહાગિરિ' શાખાના હોત તો **નાગાર્જુન** અને **ભૂતદિન્ન** આચાર્યનો ઉલ્લેખ તેઓ કરત નહિ, પણ તેમણે એમ કર્યું છે.

આ પ્રમાણેની દલીલો ૧૨૩મા પૃષ્ઠમાં આપી **દેવર્દ્ધિ આર્યમહાગિરિની** શાખાના નથી પણ **આર્યસુહસ્તિસૂરિની** શાખાના છે એમ પં. **કલ્યાણવિજયજીએ** પ્રતિપાદન કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧) દેવવાચક તે જ આગમોનું પુસ્તકારોહણ કરનાર **દેવર્દ્ધિ ગણિ** ક્ષમાશ્રમણ છે.[1]

(૨) આ ક્ષમાશ્રમણ **આર્યસુહસ્તિસૂરિ**ની પરંપરાગત 'જયંતી' શાખાના સ્થવિર છે.[2]

(૩) **નંદી**ની પ્રારંભમાં અપાયેલી **થેરાવલી દેવર્દ્ધિ** ગણિની કૃતિ છે.[3]

(૪) આ **થેરાવલી** 'માથુરી' વાચનાનુગત યુગપ્રધાનસ્થવિરાવલી છે.[4] એમાં જે જે સ્થવિરોનો ઉલ્લેખ છે તે સર્વ ગુરુશિષ્યપરંપરાગત નથી.[5]

(૫) **પજ્જોસવણાકપ્પ**ની **થેરાવલી દેવર્દ્ધિ** ગણિની ગુરુપરંપરા છે.[6] આના સમર્થનાર્થે તેમણે આઠ કારણો રજૂ કર્યાં છે. આ સંબંધમાં હું તેમને નીચે મુજબના પ્રશ્નોનો ઉત્તર સૂચવવા વિનવું છું.

(૧) **નંદી**ના કર્તા **દેવવાચક** તે જ **દેવર્દ્ધિ ગણિ** ક્ષમાશ્રમણ છે એમ માનવા માટે શો આધાર છે અને તે કેટલો પ્રાચીન તેમજ વિશ્વસનીય છે?

(૨) **નંદી**ની **થેરાવલી**માં વર્ણવેલા સ્થવિરો પૈકી કોઇપણ એની વચ્ચે ગુરુ-શિષ્ય સંબંધ છે કે નહિ?

(૩) જેમ **પજ્જોસવણાકપ્પ**ની **થેરાવલી**માં આર્ય **ઇંદ્રદિન્ન**ને **સુસ્થિત** અને **સુપ્રતિબદ્ધ** એમ એના શિષ્ય ગણાવ્યા છે અને એ રીતે **ઇંદ્રદિન્ન**ના બે ગુરુ ગણાવ્યા છે તેમાં **દેવર્દ્ધિ ગણિ** ક્ષમાશ્રમણના બે ગુરુ ન જ હોઇ શકે? અને જો હોઇ શકે તો શું એ બે ગુરુ તે **દૂષ્યગણિ** તેમજ આર્ય **સાંડિલ્ય** છે, એમ માનવામાં કશો વાંધો આવે છે ખરો?

(૪) **નંદીની થેરાવલી** એ યુગપ્રધાન સ્થવિરોની આવલિકા છે. એનો **અર્થ** એમ કરાય કે અનુયોગધરો-શ્રુતસ્થવિરો-પ્રવચનના પ્રકૃષ્ટ જ્ઞાતાઓની એ આવલિકા છે. જો એમ **અર્થ** કરાય તો **દૂષ્યગણિને દેવર્દ્ધિ ગણિ** ક્ષમાશ્રમણના વિદ્યાગુરુ તરીકે કોઇ ઓળખાવે તો કેમ?

(૫) જો **સાંડિલ્ય** એ **દેવર્દ્ધિ** ગણિના દીક્ષાગુરુ હોય તો **નંદી**ની **થેરાવલી**માં **સાંડિલ્ય** પછી સત્તરેક મુનિવરોનાં નામ અપાયાં છે તેનું કેમ?

**મેરુતુંગસૂરિ**એ **થેરાવલી**ની ટીકામાં **દેવર્દ્ધિ** ગણિ ક્ષમાશ્રમણને **મહાવીરસ્વામી**ની પછી થયેલા સ્થવિરોમાંના ૨૭મા તરીકે ઓળખાવ્યા છે. આ માટે એ સૂરિ પાસે શો આધાર છે તે જાણવો બાકી રહે છે; બાકી એવી કલ્પના થઇ શકે છે કે-**નંદી**ની **થેરાવલી**ની **મલયગિરિસૂરિ**એ જે ટીકા રચી છે તેમાં **ધર્મ, ભદ્રગુપ્ત, વજ્ર, આર્યરક્ષિત** અને **ગોવિન્દ**ના વર્ણનવાળી ત્રણ[8] ગાથાઓની ટીકા નથી એટલે એ **મલયગિરિસૂરિ**એ એને પ્રક્ષિપ્ત માની હશે; પણ પં. **કલ્યાણવિજયજી** ૧૨૫ મા પૃષ્ઠમાં કહે છે કે એ વસ્તુતઃ

---

**૧** જુઓ પૃ. ૧૧૯. ૨ જુઓ પૃ. ૧૨૦. ૩ જુઓ પૃ. ૧૧૯. ૪ જુઓ પૃ. **૧૧૯**. ૫. જુઓ પૃ. ૧૨૦. ૬. જુઓ પૃ, ૧૨૧. ૭. જુઓ પૃ. ૧૧૯. ૮ **પટ્ટાવલી સમુચ્ચય** (પ્રથમ ભાગ પૃ. ૧૨-૧૪)માં જે **નંદી**ની **થેરાવલી** છપાયેલી છે તેમાં ૨૮મી ગાથા પછી બે અને ૩૬મી ગાથા પછી બે એમ એકંદર ચાર ગાથાઓ કોઇ કોઈ ગ્રંથમાં હોવાનું સૂચવાયું છે. એટલે આ હિસાબે ત્રણ નહિ પણ ચાર ગાથા પ્રક્ષિપ્ત ગણાઇ લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નંદીની થેરાવલીની** જ ગાથા છે. અને એ હિસાબે **દેવર્દ્ધિ** એ ૨૭ મા નહિ, પણ ૩૨ મા યુગપ્રધાન સિદ્ધ થાય છે. વિશેષમાં ૧૨૪ મા પૃષ્ઠમાં તેઓ સૂચવે છે કે ગુરુશિષ્યક્રમથી તો **દેવર્દ્ધિ** ગણિ ૩૪ મા પુરુષ સિદ્ધ થાય છે.

આ સંબંધમાં મારું એ ઉમેરવું છે કે **નંદીની** જે ચુણ્ણિ તેમજ હારિભદ્રીય વૃત્તિ છપાયેલી છે તેમાં ઉપર્યુક્ત ત્રણ ગાથાઓમાંથી એકેનું વિવરણ નથી એટલે જો અન્ય હાથપોથીઓમાં તેમ જ હોય તો એ ગાથા **મલયગિરિસૂરિના** સમય કરતાં પણ ઘણા પહેલાના સમયથી પ્રક્ષિપ્ત મનાતી હશે.

"જૈન સત્ય પ્રકાશ (ક્રમાંક ૩૭-૩૮) માં "પ્રાચીન ઇતિહાસ (પૃ. ૧૨)"માં એના લેખક **સાગરચંદ્રસૂરિજી**એ શ્રી વીર નિર્વાણથી ૯૮૦ વર્ષે **શ્રી લોહિત્ય** ગણિના શિષ્ય **શ્રી દેવર્દ્ધિ ગણિ** ક્ષમાશ્રમણ છેલ્લા પૂર્વધર છે એવો ઉલ્લેખ કર્યો છે, પણ તેમાં પ્રશિષ્યને બદલે 'શિષ્ય' છપાયું હોય તો તે જુદી વાત છે; નહિ તો એ ઉલ્લેખ એટલા પૂરતો તો ભ્રાન્ત છે જ.

ગંધર્વ વાદિવેતાલ **શાંતિસૂરિ** તેમજ **સત્યમિત્રસૂરિ દેવર્દ્ધિ** ગણિના સમકાલીન ગણાય છે. પં. **કલ્યાણવિજયજી** પાંચમને બદલે ચોથની સંવત્સરી કરનાર [1]**કાલકસૂરિને વીર-સંવત** ૪૫૭થી ૪૬૫ના ગાળામાં એટલે કે ઇ. સ. પૂર્વે ૭૦ થી ૬૨ના ગાળામાં મૂકે છે,[2] જ્યારે કેટલાક આ ઘટના ચોથા **કાલક** સાથે સંબંધ ધરાવે છે, એમ માને છે, અને એમ માનનાર એમને પણ **દેવર્દ્ધિ ગણિ** ક્ષમાશ્રમણના સમકાલીન ગણે છે.

## ૫. દેસિ.

**પજ્જોસવણાકપ્પની થેરાવલીની** નિમ્નલિખિત ગાથામાં આ મુનિવરનું નામ છે. અને સાથે સાથે 'ખમાસમણ' એવી એમની પદવીનો પણ નિર્દેશ છે:—

**" तत्तो य थिरचरित्तं उत्तमसम्मत्तसत्तसंजुत्तं ।**
**देसिगणिखमासमणं 'माढर'गुत्तं नमंसामि ॥ ११ ॥**

અર્થાત્ ત્યારબાદ સ્થિર ચરિત્રવાળા, ઉત્તમ સમ્યક્ત્વરૂપ સત્ત્વથી સંયુક્ત અને 'માઢર' ગોત્રવાળા **દેસિ ગણિ** ક્ષમાશ્રમણને હું વંદન કરું છું

ઉપર્યુક્ત ગાથા સિવાય એમના સંબંધમાં કશું લખાણ જણાતું નથી એટલે એમનો કંઇ શિષ્યપરિવાર કે કૃતિકલાપ હોય તો તે વિષે હું કશો ઉલ્લેખ કરી શકું તેમ નથી. (ચાલુ)

૧. **પજ્જોસવણાકપ્પમાં** જે **अंतरा वि य से** પાઠ છે એના આધારે આ પરિવર્તન કરાયાનું મનાય છે. જેમ આ સંવત્સરીની તિથિ ફેરવાઇ છે તેમ આજે કેટલાંક વર્ષો થયાં સુરતમાં **બળેવ** (**નાળિયેરી** પૂનમ શ્રાવણ સુદ પૂર્ણિમાને બદલે શ્રાવણ વદ એકમ મનાય છે. અને એ સુરતની અનેક વિશિષ્ટતાઓમાંની એક છે.)

૨ જુઓ "શ્રી જૈન સત્ય પ્રકાશ" (ક્રમાંક ૧૦૦) ગત "કાલકાચાર્ય ઔર વિક્રમ." (પૃ. ૧૯૭.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કવિતાની દેશીઓમાં આવેલી વિકૃતિ !

( લેખક—આસચંદ હીરાચંદ—માલેગામ )

કાવ્ય રચવાનો હેતુ કાવ્યશાસનકારે ગમે તે આપેલો હોય, પણ મુખ્યત્વે કરી કવિને પોતાના વિચારો જનતામાં પ્રગટ કરી અમુક પ્રકારની ભાવના ઉદ્દીપિત કરવાની હોય છે. તે ભાવના સાથે સંગત થએલ રસનો પણ આવિર્ભાવ જાગૃત કરવાનો હોય છે. ત્યારે જે ભાવના પ્રગટ કરવાની હોય તેને પોષક એની શબ્દરચના કરવા માટે અને તેને અનુકૂળ રસ પ્રગટ કરવા માટે તેવા જ પ્રકારની ભાવનાનો પ્રવાહ જે દેશી, ચાલ, ઢાળ, વૃત્ત કે તેવા જુદા જુદા પ્રકારના વાહનોનો ઉપયોગ કરવો ઉચિત હોય તેવી જ ચાલ ઉપયોગમાં લેવી એ ઇષ્ટ છે. વિસંગત રાગમાં જો પોતાની કવિતા રચવામાં આવે છે તો તેથી રસહાનિ થાય છે એટલું જ નહીં પણ સુંદર વિચારોને પણ વિકૃત રૂપ ધારણ કરવું પડે છે. અને છેવટ **विनायकं प्रकुर्वाणः कारयामास वानरम्।** એવો ઘાટ બને છે. કોઈ પણ કવિને પોતાના કાવ્યની આવી વિટંબના થાય એ પસંદ પડે એમ નથી.

રાગમાં જે સ્વર-યોજનાનો અનુક્રમ જોડવામાં આવેલો હોય છે, તેનો ખરો હેતુ નહીં સમજવાને લીધે ઘણી વખત વિદ્વાન કહેવાતા કવિઓ પણ મોટું ગોથું ખાઈ જાય છે. સ્વરના આરોહ અવરોહથી વાતાવરણમાં અમુક જાતના કંપ ( Vibrations ) ઉત્પન્ન કરવામાં આવે છે અને તે તે શબ્દોની શક્તિદ્વારા પોતાની ભાવના કવિઓ પ્રગટ કરે છે. એટલે દેશીમાં એક મહાન્ શક્તિ હોય છે તેનો ઉપયોગ કવિઓ કરે છે. આપણે કોઇ વખત જે ભાષાનું આપણને જરા પણ જ્ઞાન ન હોય, શબ્દોથી કોઇપણ જાતનો બોધ ન થતો હોય ત્યારે તે પરકીય ભાષામાં ગવાતું ગીત પણ સાંભળી સંવેદનાનો અનુભવ થાય છે. કરુણ ગીત હોય તો આપણા અંગ ઉપર કરુણ રસની છાયા તેવા રાગથી જ પેદા થાય છે. તેવી જ રીતે શૃંગાર, વીર કે બીભત્સ રસનો આવિર્ભાવ કેવળ સ્વરના આરોહ અવરોહથી ઉત્પન્ન થાય છે. એ ઉપરથી સાબિત થાય છે કે—સ્વરમાં શક્તિ છે અને ગમે તે વિચારોને સ્વરો પોતાની શક્તિથી ફેરવી શકે છે. લગ્નમાં ગવાતા ગીતોને જો પરજીઆ રાગમાં ગોઠવવામાં આવે કે વીરરસને ‘ હરિણી ’ છંદમાં બેસાડી દેવામાં આવે તો કેવું પરિણામ આવે તેનો વિચાર કરી જોવા જેવો છે. શૃંગારરસ નિર્માણ કરવો હોય ત્યારે વીરરસાનુકૂળ દેશી કે છંદનો ઉપયોગ કરી કાવ્યનિર્માણ કરો એટલે કેવો ઘાટ બને છે તેનો અનુભવ તરત જ થઇ જશે. મતલબ કે—કવિઓએ પોતાના કાવ્ય માટે જેવી રીતે વિષયની ચૂંટણી કરવાની હોય છે તેવી રીતે દેશી, ચાલ કે છંદની પણ ચૂંટણી કરવાની હોય છે અને સાથે સાથે શબ્દરચનાનો વિચાર કરવાનો હોય છે. એમાંથી એકાદ અંગનો જો ભૂલમાં દુરુપયોગ થઇ જાય છે તો તે કાવ્ય નિરસ અને પરિણામે હાસ્યાસ્પદ બને છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાએક કવિઓ પોતાનો વિષયો ચૂંટવા પહેલા દેશીની ચૂંટણી કરી બેસે છે. અને જે દેશી તેમના આગળ હોય છે તેમાંના શબ્દો જેવા ને તેવા અગર તેમાં ધાર્મિક પારિભાષિક શબ્દોની ફેરબદલી કરી કાવ્યનિર્મિતીનો લ્હાવો મળ્યો એમ માને છે, પણ એ કેવળ વિડંબન હોય છે, એ તેવા કવિઓએ સમજી રાખવું જોઇએ.

ધાર્મિક સ્તવનો કે પદ્યો જોડતી વખતે હાલમાં કેટલાએક બંધુઓ હાલમાં ચાલતા નાટક કે સિનેમાની ચાલો પસંદ કરે છે. અને તેમાં શબ્દોનો ફેરફાર કરી કવિતાઓ નિર્માણ કરે છે. એવી રચેલી કવિતાને કાવ્યનું બિરુદ આપવું એ સાહસ જ કહેવાય છે. સિનેમા માટે ચાલો, દેશીઓ જે ચૂંટવામાં આવે છે તે તેના ગાયક પાત્રો અગર ગાયન માસ્તર પાસેથી માંગવામાં આવે છે. અને એવી દેશીઓ ઘણી વખત તેઓ પોતાના વેષને અને નાટ્ય પરિસ્થિતિને અનુકૂળ એવી નવી બનાવી આપે છે. એવી દેશીઓ શૃંગારરસને પોષક ઘણું કરીને હોય છે. અથવા અમુક વિકારને ઉત્તેજક હોય છે. એવી દેશીઓમાં જ્યારે ધાર્મિક વિચારો ગૂંથવામાં આવે છે ત્યારે તેનું છીછરાપણું વધી જાય છે. અને મૂળ કવિનો ઉદ્દેશ શાંતરસ નિર્માણ કરવાનો છતાં તે થઇ શકતો નથી. ઊલટું તેમાં બાલિશભાવ સાથે ધર્મનું ગાંભીર્ય નષ્ટ થાય છે. આવા કાવ્યો કહો કે શબ્દસમૂહ કહો રચવા માટે કેટલાએક મુનિઓ અને કોઇક આચાર્યો પણ લલચાય છે એ ખેદનો વિષય છે! જો કે તેમનો ઉદ્દેશ પવિત્ર હોય છે એમાં સંદેહ નથી, છતાં તે હેતુ એક તરફ રહી જઇ નાટકી ભાવને જ વધારે પોષણ મળે છે.

જ્યારે એક આચાર્યનું એવું પદ્ય હોય ત્યારે તે પ્રતિક્રમણ, ચૈત્યવંદન કે દેવવંદન જેવી ગંભીર અને આત્મભાવદર્શી અનુષ્ઠાન કરતી વેળા પણ તે ગાવા કોઇ શ્રાવકનું મન લલચાય ત્યારે તે ગંભીર અને યોગની ક્રિયાની કેવી વિટંબના થાય તે વિચારવા લાયક છે. બધા અનુષ્ઠાનો આત્મા અને ગુરુસન્મુખ અને દેવ-સાક્ષીથી કરવાના હોય ત્યારે નાટકિયા ગાતા હોય તેવી દેશીના પદ્યો ગવાય તો કેવું વાતાવરણ નિર્માણ થાય તે વિચારવા જેવું થઇ પડે છે, માટે આવા પદ્ય રચનાકાર કવિઓએ પોતે આ મુદ્દાનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો ઘટે છે. કાવ્યનિર્મિતીની અને પ્રસિદ્ધિની ધૂનમાં આપણે ગંભીર વિષયને કેટલું નુકસાન કરી ભાવનાને દુભવીએ છીએ તેનો વિચાર કરવાની જરૂર છે. કેટલાએક બંધુઓ આવી ચોપડીઓ હાથમાં લઇ દહેરાસરમાં આવા પદ્યો ગાવા બેસે છે ત્યારે કેવું રસહાનિકારક વાતાવરણ ઉત્પન્ન થાય છે તે અમોએ જોયેલું છે! તેથી ભક્તિનું પ્રેમાળ અને ગંભીર ધર્માનુકૂળ બોધક વાતાવરણ નિર્માણ થવાને બદલે ટીકાપાત્ર અને તેવા પવિત્ર સ્થળને કલુષિત કરે તેવું વાતાવરણ અજાણપણામાં નિર્માણ થાય છે!

નવી નવી દેશીઓ જ જોઇએ તો ગાયન અને કાવ્યશાસ્ત્રનો જરા ઊંડો અભ્યાસ કરવાની જરૂર છે. પછી જુઓ કે પોતે કેવી ભૂલો કરી બેઠેલા છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો અનુભવ મળશે. રાગ ગાવા માટે અનુકૂળ કાળ પણ કહેલો છે. કેટલાએક રાગોથી દીવા પ્રગટ થાય છે, કોઈ રાગથી વરસાદ આવે છે. એવી ઝીણી કલ્પના બાજુ ઉપર મૂકીએ તો પણ હૃદયની સૂક્ષ્મ મજ્જાજાલ ઉપર પરિણામ કરનારા રાગો હાલમાં પણ ગવાય છે. અમુક રાગ ગાવાથી તાવ ઉતરે છે, અમુક રાગથી દુઃખની સંવેદના હળવી કરી શકાય છે એ વિષયનો આવા આધુનિક કવિઓએ વિચાર કરવાની આવશ્યકતા છે.

શ્રીપાલરાસમાં નવે રસોનો આવિર્ભાવ થએલો છે. તે માટે જે દેશીઓ પસંદ કરવામાં આવી છે તેનો જરા બારીકીથી અભ્યાસ કરો. ત્યારે ધ્યાનમાં આવી જશે કે–દરેક પ્રસંગ માટે પ્રસંગાનુકૂળ દેશીઓનું અવલંબન લેવામાં આવેલું છે. તેથી જ તે રાસ વાંચતાં જરાએ કંટાળો આવતો નથી. જ્યારે વારંવાર વાંચવા છતાં તેમાં નવો નવો આનંદ અનુભવાય છે, તેનું મુખ્ય કારણ કવિએ કરેલી વિષયની ચૂંટણી, ભાવનાનો પરિપોષ અને રાગાનુકૂલ દેશીઓ એ ભેગું મળવાથી જ કવિની પ્રતિભા જાગૃત થએલી જણાય છે. ચોસઠ પ્રકારી પૂજામાં અનેક દેશીઓનો ઉપયોગ કરેલો છે તેનો પ્રભાવ કોઇથી અજાણ્યો નથી. જૈનસમાજમાં ગવાતી અનેકવિધ સજ્ઝાયોની દેશીઓ કેટલી સુંદર, ગાંભીર્યપૂર્ણ અને રસાનુકૂળ ચૂંટવામાં આવી છે તેનો વિચાર કરવાથી અમારા લખવાનો હેતુ સમજાઇ જશે.

આ લેખ કોઇ કવિ ઉપર ટીકા કરવાના હેતુથી લખાયો નથી પણ કેવળ દિશાદર્શન કરવા માટે જ લખવામાં આવેલ છે. કેવળ પ્રસિદ્ધિ માટે કે બીજા ગૌણ ઉદ્દેશને અનુસરી ધાર્મિક વાતાવરણ કલુષિત ન થાય અને પોતાની ધૂનમાં આવી લખેલ કવિતાનો દુરુપયોગ ન થાય તેવા હેતુથી લખેલો છે. અમુક વિચારોનો ખળભળાટ મગજમાં જાગે અને તે વિચારો જનતા આગળ મૂકવાથી તેમનું કલ્યાણ થશે એવું જ્યારે કોઈને લાગે ત્યારે જ તેમણે પૂર્વોક્ત ધારાધોરણને અનુકૂળ રહીને કાવ્યનિર્મિતી કરવી અને પછી જોવું કે પોતાનું કાવ્ય કેટલું સુંદર થાય છે. કવિ કહેવડાવાની ઉતાવળમાં આપણે દોષને પાત્ર બનીએ એ માટે કાળજી રાખવી એ ઇષ્ટ નથી શું? કેટલીએક રચના યોગ્ય રીતે થઇ ગઇ પણ છે તેને માટે અમારો કટાક્ષ નથી, પણ આ પદ્ધતિને ઉત્તેજન ન મળે તેવા હેતુસર અમોએ આ સૂચન કરેલ છે.

તીર્થંકરો દેશના આપે છે તે માલકોશ રાગમાં જ આપે છે. એનો અર્થ સમજવો જોઇએ. તે રાગથી જે વાતાવરણમાં ગુંજન ઉત્પન્ન થાય છે, તેથી અશુભ ભાવનાઓ નાશ પામે છે અને વાતાવરણમાં એવો એક અધિકાર ઉત્પન્ન થાય છે કે જેથી સ્વાભાવિક વેરવિરોધ પણ શમી જાય છે. એ શક્તિ રાગની છે એ ધ્યાનમાં રાખવાનું છે. અને એ રાગ સાથે સુસંગત એવી શક્તિશાળી શબ્દરચના અને વક્તાની અદ્‌ભુત શક્તિ મળતાં મનોહર વાતાવરણ પેદા થાય છે એ બાત વિચારતાં રાગ, દેશી કે ચાલનું મહત્ત્વ જાણવામાં આવી જાય તેમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર કૌશલ્ય

( ૧૫ )

"કાર્યક્રમ( યોજના )થી શરૂ ન કરો, પણ કાર્યથી જ શરૂ કરો."

**આ** કામ કરવું કે પેલું કરવું અને ત્યારપછી તે કરશું અને પછી ફલાણું અને ત્યારપછી ઢીંકણું–આવી યોજના કરતાં કરતાં તો છેડો જ ન આવે. એમ નાની મોટી કરતાં કુંવારા રહી જવાય અને વાંઢા તરીકે જ ભવ પૂરો થઇ જાય, માટે જે કરવું હોય તે કામ જ આદરી દો, તેને શરૂ કરી દો અને તેનો આરંભ જમાવી દો. મુલતવી રાખવાનાં માઠાં ફળ સારી રીતે જાણીતાં છે. વાત કરતાં અને યોજનાઓ ઘડતાં ઘડતાં તો વરરાજા જ ખોવાઇ જાય છે. ઘણા દીર્ઘસૂત્રી થવામાં અને સ્વપ્નાંઓ સેવવામાં મજા છે, તેના કરતાં કામને જ આદરી દેવામાં જ ભારે વધારે મોજ છે, કાર્ય આદરી દેવાનો આંતરસંતોષ છે અને કામને હાર પડતું જોવા જેવી બીજી કોઇ મજા નથી.

ઘણાં માણસો એવા જોવામાં આવે છે કે ગજે ગજ ભરે, પણ એક તસુએ વેતરે નહિ. એનો આખો અવતાર તાકા ફેરવવામાં અને એના પરની ઘડીઓ ગણવામાં જ જાય છે. એવા માણસોથી એકે કામ રસ્તા પર ચઢે નહિ કે એક કામ તરફ એનું કેંદ્ર પણ થાય નહિ. ઘર બાંધવાના એક પછી એક પ્લાન ચીતરવામાં આવે, પણ ઈંટ, ચૂનો, સિમેંટ કે લાકડાં ખરીદવામાં આવે જ નહિ અને નવા નવા ઓરડા અને દરવાજાઓ અને ગેલેરીઓ ક્યાં મૂકવાં તેની રચના ગોઠવવામાં આવ્યા કરે તો ઘર બંધાય નહિ અને પ્લાનમાં ને પ્લાનમાં વાત પૂરી થઈ જાય. આનો અર્થ એમ સમજવાનો નથી કે પૂર્વ ભૂમિકામાં વ્યવસ્થા કે યોજના કરવી જ નહિ. એ વગર તો કોઇ કાર્ય સારું થાય જ નહીં, પણ વાતો જ કર્યા કરવી અને શેખચલ્લીનાં સોણલાં જ બાંધ્યાં કરવાં એનો કાંઇ અર્થ નથી. બનતી ત્વરાએ કામ ચીલે ચઢાવવાની રીત રાખવી અને મોટી મોટી વાતો કરવાનું ડહાપણ બીજાને સોંપવું. જેઓ કામ કરવાના હોય છે તે ફડાકા મારવામાં વખત કાઢતા નથી. કામ શરૂ ન કરવું એ બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે, પણ નિર્ણય થઇ જાય કે તુરત તેને ઉપાડી લેવું એ સાચો કુશળતાનો માર્ગ છે. કામ કરવાની દાનત ન હોય તેવા લોકો અનેક બ્હાનાં કાઢે છે અને વાત વિસારે નાખતાં જાય છે અને વાત વિસારે પડી એટલે એના ઉપર કાળના થર ચઢતા જાય છે.

માટે યાહોમ કરીને કામ શરૂ કરી દો. શંકા વગરનો નિર્ણય હશે તો સર્વ પ્રકારની સહાય ચાલી આવશે. કામ કરનારને કુદરત પણ મદદ કરે છે અને ન ધારેલા માર્ગે નહિ આશા રાખેલી મદદ મળી આવે છે અને કાચા પોચા મને કરેલ નિર્ણયોમાં તો હજારો વિઘ્નો ઊભાં થયાં કરે છે. કરવું હોય તો આજ કરો, હમણાં કરો, અત્યારે કરો. તમારા પાકા નિર્ણય અફર થઇ જશે અને મુશ્કેલીઓ પોતાની મેળે ખસી જશે. દૃઢ નિર્ણય પાસે પર્વતો પણ માર્ગ આપે છે માટે આદરી દો અને આત્મવિશ્વાસ રાખો.

---

"Begin, not with a programme, but with a deed."

FLORENCE NITINGALE ( 22-8-41 )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૬ )

**ધારવામાં આવે છે તે કરતાં ઘણી વધારે સહેલાઇથી માણુસ વિરોધ અને સલાહને સ્વીકારી લે છે–એના પાયા સાચા હોય તો પણ, જો એને બળજબરીથી લાદવામાં આવે તો માણુસ તેને સાંભળશે નહિ–ગણકારશે નહિ.**

માનસ વિદ્યાનો આ વિચિત્ર કાયદો છે અને તે દીર્ઘકાળના અનુભવે બરાબર સમજાય તેવો છે. આપણે કોઈને સલાહ આપવી હોય તે જો તેના પર પ્રેમ બતાવીને આપીએ, છેવટે કાંઈ નહિ તો તેના તરફ સહાનુભૂતિ બતાવીને આપીએ તો તેનો તે જરૂર સ્વીકાર કરશે, તેને એ સલાહ કદાચ રુચિકર નહિ હોય તો પણ તે હકીકતને સમજવા પ્રયત્ન કરશે અને કાંઈ નહિ તો તેના આપનાર તરફ એ ગૌરવભરી દૃષ્ટિ તો જરૂર કરશે. સલાહ આપનાર ઘણીવાર તો માને નહિ તેટલી સહેલાઇથી સામાને ગળે એ વાત ઉતારી શકે છે. માત્ર એ વાતમાં શરત એક જ છે કે એ સલાહ આપતી વખતે પોતાનો મત સામા ઉપર બળજબરીથી દાખલ કરવાનો ઇરાદો કે માનસિક વૃત્તિ ન હોવાં જોઇએ. એમાં સામાનું ભલું કરવાની વૃત્તિ હોય અને તે સલાહ મીઠી ભાષામાં પ્રેમપૂર્વક આપવામાં આવે તો દુશ્મનને પણ વશ કરી શકાય છે. વનો વેરીને વશ કરે છે. વનો એટલે વિનય પ્રેમ તથા સહાનુભૂતિને સ્થાને છે અને પ્રેમનો માર્યો માણુસ તો શું, પશુ પણ આધીન થઇ જાય છે. વકીલાતના ધંધામાં તો આવા સેંકડો પ્રસંગો આવે છે અને વકીલની રીતસરની સલાહ અસીલ હૃદયથી સ્વીકારી લે છે. આવી જ રીતે કોઈ માણુસના વિચારનો વિરોધ કરવામાં આવે તેની પાછળ પ્રેમભાવ હોય તો આત્મા આત્માની સાક્ષી પૂરે છે અને જાહેર વિરોધની પછવાડે રહેલો પ્રેમ અંતે કાર્યસાધક નીવડે છે. કડક મતફેરી અને અરુચિકર સલાહના સ્વીકારની પાછળ આંતરતત્ત્વ રહેલું હોય છે અને તે ચિરકાળ વિજયવંતું વર્તે છે.

અને સલાહ સાચી હોય કે વિરોધ વખતસરનો હોય, પણ તેની સાથે હોકારા, ધમપછાડા કે ધમાલ હોય, પોતાનાં સ્થાન કે વયનો લાભ લેવાતો હોય તો, સાચી વાત પણ મારી જાય છે અને સામા પર અસર કરવાને બદલે એ તીક્ષ્ણરૂપે પાછાં ફરે છે. દૂત કાર્ય કરનારા, કજીઆ પતાવી આપનાર લવાદો કે પંચો આ સ્થિતિ અનેક વાર અનુભવે છે. પ્રેમથી મોટાં હિંસક પ્રાણીઓ પણ વશ થાય છે અને પ્રેમથી આકરી દિવાલો પણ માર્ગ આપી દે છે. હૃદયના ઉત્સાહથી આંતરના ઉમળકાથી છોકરાઓને વારવામાં આવે તો તે તરત રસ્તા પર આવી જાય છે, પણ ધમસાણ મચાવનાર બાપને તો ઘરમાં શાંતિ નથી કે કુટુંબમાં સુખ નથી. આ મુદ્દો ધ્યાનમાં રાખી કુશળ માણુસ અન્યને સલાહ આપે અથવા તેનો વિરોધ કરે.

મૌક્તિક

"A man takes contradictions and advice much more easily than people think, only he will not hear it when violently given, even though it be well-founded." RICHTER ( 19-3-41 )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૂર્ખ મનને ઉપદેશ

**अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः ।**
**नित्यं सन्निहितो मृत्युः कर्तव्यो धर्मसंग्रहः ॥**

આ સુંદર અને મજબૂત દેખાતું શરીર અનિત્ય છે, આ સુખપ્રદ જણાતાં વૈભવ અને વિલાસો ક્ષણિક જ છે, મૃત્યુ નજીકમાં જ છે માટે ધર્મની આરાધના કરવી એ જ શ્રેયસ્કર છે. અહો આત્મન્! તું પાંચ પ્રમાદમાં પડયો થકો કંઇક તો વિચાર કર. મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થઇને શ્રી વીતરાગનો ધર્મ આદરતો નથી તો સંસારસાગર શી રીતે તરીશ? અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યાં તો પણ અદ્યાપિ સુધી તારી તૃષ્ણાઓ શાન્ત થઇ નથી અને પરિભ્રમણ કર્યાનો તો તુજને ભય જ નથી. એવા તે કયા કર્મ કર્યાં છે તેથી ધર્મસાધન કરવાનો ઉલ્લાસ થતો નથી? પણ તું વિચારી જો કે કોઇ ધર્મ સાધન કર્યા વિના પાર પડ્યો છે. તું અજ્ઞાનદશાએ કરી એમ જાણે છે કે-મનુષ્ય ભવ, સિદ્ધિસંપદા એમની એમ રહેશે? પણ હે ચેતન! તારી રિદ્ધિ ને સંપદા તો ક્ષણભંગુર છે. જેમ જલતરંગ અને જલપરપોટા છે-છે ને નથી-નથી માટે જિનરાજના વચન ઉપર દ્રઢતા રાખીને ધર્મસાધન કર. પછી પસ્તાવો કરીશ માટે ધર્મ સાધન કરી લે. મનુષ્ય-ભવ ને પંચેન્દ્રિયપણું તારું જતું રહેશે પછી તારી સારી સામગ્રી કયાંથી લાવીશ? અનંત કાલનો વિરહ પડશે માટે પ્રમાદ છોડીને પોતાનો આત્મા નિરાવરણ કરવા, સ્વધર્મ પ્રગટ કરવા લોકસંજ્ઞા તથા ઓઘસંજ્ઞાનો આશિભાવ તજો. આશંસા રહિત ધર્મસાધન કરીશ તો કર્મ બંધનથી મુક્ત થઇશ. હે ચેતન! તુજને પૌદ્ગલિક સુખની ઇચ્છા છે પણ વિચારી જો. પુદ્ગલ દ્રવ્યની અનંતી વર્ગણા, અનંતા પરમાણુ અનંતી વાર લઇ લઇને ભોગવીને મૂકયા છે તો હજુ સુધી પણ તૃષ્ણા ન છૂટી. વળી હે ચેતન! તેં અનંતા ભવ કર્યા, જન્મ મરણ પણ અનંતી વાર કર્યાં. ચૌદરાજમાં એક એક લોકાકાશપ્રદેશે અનંતા જન્મ મરણ કર્યા વિના કોઇ પ્રદેશ રહ્યો નથી તો પણ હે ચેતન! તું કાંઇ વિચારતો નથી તો તું પ્રતિબોધ પામ. પરભાવપ્રણીત લક્ષ્મી મૂકીને આત્મ સત્તા ભણી નીહાળ. જ્ઞાન-દર્શન-ચારિત્ર એવા અનંતા ગુણ તારી સત્તાના ઘરમાં છે તેને મૂકી, પુદ્ગલના ટૂકડા શામાટે ઇચ્છે છે? એ પૌદ્ગલિક તન-ધન-કુટુંબ તારું નથી, તારી સાથે તે આવવાનું પણ નથી માટે નીચેના આત્મહિત પદનો વિચાર કરી જોજે.

ચેતન વાત કહું છું સાચી જગમાં તારો કોઇ નથી-એ દેશી

**કાયા માયા બાદલ છાયા, જગ સ્વપ્ને કી માયા;**
**આયા એકીલા જાય એકીલા, ફોકટ જન્મ ગુમાયા. ચેતન૦ ॥૧॥**
**બાલપણું તે રમતે ગુમાયો, જોબન કામિની વશી;**
**વૃદ્ધપણામેં ધર્મ ન ધાર્યો, માયા જાલ ફશી. ચેતન૦ ॥૨॥**
**માત પિતા સુત ભાઈ બંધુ, સબ સ્વાર્થ કે અર્થી;**
**આઈ અચાનક કાલ ગ્રહે જબ, કોઈ ન આવે સાથી. ચેતન૦ ॥૩॥**



For Private And Personal Use Only

તન ધન જોબન કારમો હે, સંધ્યા રંગ સમાન;
અંજલી જલ જ્યું આયુ અસ્થિર હે, જેસો જલધિ ઉદાન. ચેતન૦ ॥૪॥
કૂડ-કપટ કર માયા જોડી, કુટુંબ કબીલો પોષ્યો;
અંતે પાપની ગાંઠડી બાંધી, નરકનીગોદ ફસીયો. ચેતન૦ ॥૫॥
આ સંસાર ઓસકો પાણી, વિણસતા વાર ન લાગે;
ધન્ય અનાથી સરીખા મુનિવર, એહ સંસારને ત્યાગે. ચેતન૦ ॥ ૬ ॥
તે માટે ચેતનજી ચેતો, માયા મમતા ત્યાગો;
શ્રી જિનભાષિત ધર્મ કરો કંઇ, ધન મુનિ પદ માગો. ચેતન૦ ॥ ૭ ॥

માટે હે ચેતન ! ઉપરના જેવા આત્મિક પદ સાંભળી, નિજ આત્મિક સુખનો ભોગી થઇ તારું અણાહારી પદ-અવિચલ સુખ નીપજાવ જેથી તારો જન્મ મરણનો ફેરો ટલે, તે માટે શ્રી પંચ પરમેષ્ઠીનું ધ્યાન સ્મરણ કરતાં થકા જેમ તારો આત્મા નિર્મલ થાય તેમ ચેતના અડોલ કર, તેથી નિર્જરા થઈ આત્મિક ગુણ પ્રગટ થશે. હે ચેતન ! પ્રમાદ છોડીને ધર્મમાં અહર્નિશ તત્પર રહેજે. તને મહાન્ કષ્ટ પડે તો પણ ધર્મને છોડીશ નહી. સુખરૂપી ધર્મ હશે તો જ્યાં જઇશ ત્યાં સુખ પામીશ, માટે શ્રદ્ધા રાખીને શ્રી વીતરાગનો ધર્મ અહિંસકરૂપે આણા સહિત કરજે. જેથી થોડા કાલમાં અવ્યાબાધ સુખ નીપજશે જે સુખની ઉપમા આપી શકાય તેમ નથી. એવું સુખ પ્રાપ્ત કરવાને માટે ધર્મના કારણ સેવવા એવી ભાવના આત્મામાં ભાવવી. હે ચેતન ! તું આત્મસ્વરૂપ વિચાર. સર્વ જીવનું અવલંબન તજી ઉત્તમ જીવનું અવલંબન કરજે. અપ્રમાદપણે સાધન કરજે, પણ લોકોને દેખાડવા બહુમાન કરાવવાની સાધના સેવીશ નહી. બાહ્ય આડમ્બરથી આત્મા નિર્મલ થઇ શકતો નથી, તેથી શુદ્ધ ભાવના સેવીને અહર્નિશ ધર્મ-આરાધનમાં તત્પર રહેજે જેથી પારલૌકિક સુખને પામી શકીશ.

મુનિશ્રી વિદ્યાનંદવિજયજી

## જીવના ૫૮૪ ભેદ

| | |
|---|---|
| ૧૧ એકેંદ્રિયના | ૪૯ દેવના |
| ૩ વિકલેંદ્રિયના | ૧૦ ભવનપતિ |
| ૭ નારકીના | ૫ જ્યોતિષ |
| ૧ મનુષ્યનો | ૮ વ્યંતર |
| ૧ તિર્યંચનો | ૧૨ દેવલોક |
| ૧ સંમૂર્ચ્છિમ પંચેંદ્રિયનો | ૯ ગ્રૈવેયક |
| | ૫ અનુત્તર |

૭૩ પર્યાપ્ત ને અપર્યાપ્ત એટલે ૧૪૬ તેના ચાર પ્રકાર

| | |
|---|---|
| ૧ ભવ્ય | ૨ આસન્નભવ્ય |
| ૩ અભવ્ય | ૪ દુર્ભવ્ય |

૧૪૬ ને ચારે ગુણતા ૫૮૪ થાય છે.

કુંવરજી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ભાષાંતર

### પુરુષ વિભાગ ૧-૨ ( સંપૂર્ણ )

પ્રાતઃસ્મરણીય મહાન્ સીત્તેર પ્રભાવિક પુરુષોના ચરિત્રોવાળું આ પુસ્તક અવશ્ય વાંચવા યોગ્ય છે. લગભગ ૪૦૦ પૃષ્ઠનાં આ પુસ્તકની કિંમત રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું.

## દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્ર

હાલમાં કાગળની મોંઘવારીને અંગે આપણા ધાર્મિક પાઠ્ય પુસ્તકોની ખેંચ પડી છે. આ માગણીને પહોંચી વળવા અમોએ પાંચમી આવૃત્તિ છપાવી હતી, પરન્તુ તે પણ ટૂંક મુદતમાં ખલાસ થઇ જવાથી હાલમાં જ છઠ્ઠી આવૃત્તિ બહાર પાડી છે. વિશેષ વખત સીલીક રહેવાનો સંભવ નથી, માટે જે પાઠશાળાઓને જોઇતી હોય તેમણે તાત્કાલિક મગાવી લેવી. પર્યુષણ જેવા પવિત્ર પ્રસંગોમાં વિદ્યાર્થીઓને ખાસ પ્રભાવના કરવા યોગ્ય છે. પ્રચારના હેતુને અંગે કિંમત નજીવી જ રાખવામાં આવી છે. મૂલ્ય પાંચ આના, પોસ્ટેજ અલગ.

**લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

### શ્રીમદ્ ચંદ્રમહત્તરાચાર્યવિરચિત

## પંચસંગ્રહ : પ્રથમ ખંડ

**[ આ. શ્રી મલયગિરિજીકૃત ટીકાના અનુવાદ યુક્ત ]**

કર્મગ્રંથના વિષય પર પ્રકાશ પાથરતો આ ગ્રંથ અવશ્ય વસાવીને વાંચવા યોગ્ય છે. જૈન તત્ત્વજ્ઞાનમાં કર્મનું સ્થાન મહત્ત્વતાભર્યું છે. છએ કર્મગ્રંથને સ્પષ્ટ રીતે સમજવા માટે આ ગ્રંથનું ભાષાંતર સારી શૈલીમાં કરવામાં આવ્યું છે. આ પ્રથમ ભાગમાં પાંચ દ્વારો છે. પહેલામાં યોગ, ઉપયોગ ને ગુણસ્થાનકોનું, બીજામાં સત્પદપ્રરૂપણાદિ નવ દ્વારોનું, ત્રીજામાં આઠ કર્મનું, ચોથામાં સત્તાવન બંધહેતુનું અને પાંચમામાં પ્રકૃતિબંધાદિ ચાર તથા ઉદય અને સત્તાનું સુવિસ્તૃત વર્ણન આપવામાં આવેલ છે. ક્રાઉન આઠ પેજી મોટી સાઇઝના પૃષ્ઠ ૬૨૫. કિંમત રૂા. ચાર, પોસ્ટેજ જુદું.

ભેટ—યોગપ્રદીપ પૃ. ૮૦૦ બૃહદ્ધારણા યંત્ર પૃ. ૧૦૦ પ્રાકૃતલક્ષણમ્ પૃ. ૮૦ સુદર્શન પંડિતપ્રત્યુત્તરમ્ અને વીરધર્મ પટ્ટાવલી પૃ. ૮૦ આ પાંચે ગ્રંથો સાધુ મહારાજો, વિદ્વાનો તથા પુસ્તકાલયોને ભેટ આપવાના છે. દશ આના પોસ્ટેજના મોકલીને નીચેના સ્થળેથી મંગાવી લેવા—

**શ્રી ગુજરાતી જૈન શ્વેતાંબર તપાગચ્છ સંઘ**
૯૬, કેનીંગ સ્ટ્રીટ-કલકતા.

કલ્પસૂત્ર ખેમશાહી બાલાવબોધ ( પ્રતાકાર ) ભાગ ૧-૨ પન્યાસ શ્રી કંચનવિજયજી મહારાજની પ્રેરણાથી ભેટ આપવાના છે. જે કોઇ સાધુ-સાધ્વીને જોઇએ તેમણે પોસ્ટેજના અઢાર આના નીચેના શરનામે મોકલાવી મંગાવી લેવું.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

## બુકો વેચાણ મગાવનારને સૂચના

શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રનો સેટ, શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતરનો સેટ તથા શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો સેટ મગાવનારને જણાવવાનું કે-સેટની જે કિંમત ઓછી લેવામાં આવતી હતી તે હવેથી બુકોમાં જણાવ્યા પ્રમાણે પૂરી લેવામાં આવશે.

## શ્રી વૈરાગ્યકલ્પલતા ગ્રંથ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ પદ્યબંધ ગ્રંથ અમદાવાદનિવાસી પંડિત ભગવાનદાસ હરખચંદ તરફથી હાલમાં બહાર પડેલ છે. ગ્રંથ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સ્મરણ કરાવે તેવો તે જ સ્વરૂપમાં બનાવેલો છે. અત્યુત્તમ ગ્રંથ છે. શ્લોકસંખ્યા સાત હજાર છે. કિંમત રૂા. સાત રાખેલ છે. તે અમારે ત્યાંથી પણ મળશે. જરૂર મંગાવો ને લાભ લ્યો.

## શ્રી ગુણવર્મા ચરિત્ર ભાષાંતર

મૂળ સંસ્કૃત ઉપરથી પંડિત પાસે શુદ્ધ ગુજરાતીમાં ભાષાંતર કરાવીને પં. શ્રી વીરવિજયજીના ઉપાશ્રય તરફથી હાલમાં પ્રગટ કરવામાં આવેલ છે. કિંમત આઠ આના. ખાસ વાંચવા લાયક છે. પોસ્ટેજ બે આના. જરૂર મંગાવો. અમારે ત્યાંથી મળી શકશે.

સત્તર ભેદી પૂજા કરનારની ૧૭ કથાઓ આમાં છે.

## શ્રી નવપદજીની પૂજા-સાર્થ

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી આદિ કૃત આ શ્રી નવપદજીની પૂજા ઘણી જ પ્રચલિત છે. આયંબિલની ઓળી કરનાર માટે દરેક પદના ગુણો, વિધિ તથા ચૈત્યવંદન-સ્તવનાદિ વિસ્તારથી આપવામાં આવ્યા છે. હાલમાં તેની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. જરૂર મગાવો ને લાભ લ્યો. કિંમત ચાર આના. પોસ્ટેજ એક આનો.

## पंच प्रतिक्रमण सूत्र–मूळ. शास्त्री

મૂળ સુંદર ટાઇપમાં છપાવેલ આ બુકમાં પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ, છંદ તથા વિધિઓ વિગેરેનો સમાવેશ કરેલ છે. વિદ્યાર્થીઓને ખાસ અભ્યાસ કરવા યોગ્ય છે. કાગળની અતિશય મોંઘવારી છતાં જ્ઞાન-પ્રચારનો હેતુ જાળવવા માટે અમે કિંમત વધારી નથી. છૂટક નકલના આઠ આના. સો નકલના રૂા. ૪૫). પોસ્ટેજ ત્રણ આના.

## સ્નાત્ર સંગ્રહ અને અષ્ટપ્રકારી પૂજા

આ બુક હાલમાં જ અમે છપાવી છે. તેમાં શ્રી દેવચંદ્રજી તથા પં. વીરવિજયજીના સ્નાત્ર ઉપરાંત પૂર્વાચાર્યકૃત સ્નાત્ર જે હાલમાં પ્રચારમાં નથી તે દાખલ કર્યું છે. તેમાં શ્રી ઋષભદેવનો ને પાર્શ્વનાથનો એમ બે કળશ છે. જેને પાંચ સ્નાત્ર ભણાવવા હોય તેને માટે શાંતિનાથજીનો કળશ પણ આ બુકમાં દાખલ કર્યો છે. ત્યારપછી શ્રી દેવવિજયજીકૃત અષ્ટપ્રકારી પૂજા દાખલ કરી છે તે અષ્ટપ્રકારી પૂજા કરતાં દરેક પૂજાના પ્રારંભમાં બોલવા લાયક છે. તેમાં તે પૂજા સંબંધી જ વર્ણન છે. ખાસ કંઠે કરવા લાયક છે. કિંમત ત્રણ આના રાખવામાં આવી છે. પોસ્ટેજ પોણો આનો. ખાસ મંગાવો.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only